PARAJIYA SAMACHAR (MONTHLY) Year : 61 | Issue : 10 | Rs. 10 | Page : 32 | 15-October-2026

શ્રી મોહનભાઈ નાનજીભાઈ ધોરડા તથા શ્રીમતી લાભકુંવરબેન મોહનલાલ ધોરડા, રાજકોટ.
પરજીયા સમાચાર આજીવન નિભાવ ખર્ચ રિઝર્વ ફંડ યોજનાના મુખ્ય દાતા

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા પ્રકાશિત જ્ઞાતિ મુખપત્ર

છુટક અંક : રૂા. ૧૦/-

માનદ્ તંત્રી : જયંતિભાઇ એમ. ધકાણ



પરજીયા સમાચાર

વર્ષ : ૬૧ અંક : ૧૦ ૧૫-ઓક્ટોબર-૨૦૨૬ સળંગ અંક : ૭૦૦


શુભ દીપાવલી
તથા
નૂતન વર્ષાભિનંદન

દીપ પ્રગટે હૃદયમાં, અજવાળું થાય જીવનમાં,
સુખના પુષ્પો ખીલે આંગણે, સમૃદ્ધિ વરસે પ્રતિક્ષણમાં,
નવા સ્વપ્નો, નવી સિદ્ધિઓ અને નવી આશાઓના ઉમંગ સાથે
આવનારું નૂતન વર્ષ આપના જીવનમાં સુખ, શાંતિ, આરોગ્ય
અને સમૃદ્ધિનો અખૂટ ખજાનો લઇને આવે.

આપ તથા આપના પરિવારને
દીપાવલી અને નૂતન વર્ષની
હાર્દિક શુભકામનાઓ!



શુભ વેવિશાળ
શ્રીફળવિધી પ્રસંગે
હાર્દિક શુભેચ્છા...



ચિ. હર્ષ ✧ **ચિ. રાધિકા**

ભીંડાવાળા હાલ ડુબઇ નિવાસી શ્રી ધીરજલાલ વલ્લભદાસ વાયાના સુપૌત્ર
તે શ્રીમતી ભાવિશાબેન તથા શ્રી યોગેશકુમાર ધીરજલાલ વાયાના સુપુત્ર **ચિ. હર્ષ**નું શુભ વેવિશાળ
ઓખાવાળા હાલ રાજકોટ નિવાસી શ્રી રણછોડદાસ નરસિંહદાસભાઇ પટ્ટની સુપૌત્રી
તે શ્રીમતી કાજલબેન તથા શ્રી ચંદ્રકાંતભાઇ રણછોડદાસ પટ્ટની સુપુત્રી **ચિ. રાધિકા** સાથે
તા. ૨૨-૧૦-૨૦૨૬ને ગુરૂવાર (અગીયારસ)ના શુભ દિવસે રાજકોટ મુકામે યોજાયેલ,
તે શુભ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.

હ. શ્રી અશ્વિનકુમાર વિઠ્ઠલદાસ ઘઘડા (નાની વાવડીવાળા, હાલ ડુબઇ) તથા
શ્રી વસંતરાય મોહનલાલભાઇ ધકાણ (ભાટીયાવાળા)

જા×ખ-૨૦૨૬

ધકાણ પરિવારનું ગૌરવ

ચિ. તોરલ મયુરભાઇ ધકાણા

ખૂબ ખૂબ અભિનંદન





સરસઇવાળા,

હાલ જુનાગઢ–વિસાવદર નિવાસી

મયુરભાઇ કાંતીભાઇ ધકાણા તથા

જીજ્ઞાબેન મયુરભાઇ ધકાણાની સુપુત્રી

ચિ. તોરલ મયુરભાઇ ધકાણે

માસ્ટર્સ ઇન જેમ્સ એન્ડ જ્વેલરી

(IIGJ-Mumbai) માં

સફળતાપૂર્વક ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...

...શુભેચ્છા સહ...

અ.નિ. કાંતીભાઇ રતીભાઇ ધકાણા ગં.સ્વ. રંજનબેન કાંતીભાઇ ધકાણા

ભાવેશભાઇ કાંતીભાઇ ધકાણા નીશાબેન ભાવેશભાઇ ધકાણા

જશરાજ ભાવેશભાઇ ધકાણા હીર ભાવેશભાઇ ધકાણા

યુવરાજ મયુરભાઇ ધકાણા

આર. કે. જ્વેલર્સ, અમદાવાદ

શ્રીમતિ શારદાબેન રમણીકલાલ ધકાણ તથા શ્રી રમણીકલાલ કાનજીભાઈ ધકાણ પરિવાર તરફથી



શ્રી રમણીકલાલ કાનજીભાઈ ધકાણ

આર્થિક સહાય યોજનામાં
રૂા. ૧૦,૦૦,૦૦૦/- (દશ લાખ)નું દાન


(દર વર્ષે રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) પાંચ વર્ષ માટે)

હસ્તે :
શ્રી ભુપતભાઇ રમણીકભાઇ ધકાણ
શ્રી ભરતભાઇ રમણીકભાઇ ધકાણ
શ્રી દિનેશભાઇ રમણીકભાઇ ધકાણ
તથા સહ પરિવાર



શ્રી શારદાબેન રમણીકલાલ ધકાણ

વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનાનાં આર્થિક સહયોગીઓ



રૂા. ૧,૮૦,૦૦૦/-

(અકે રૂપિયા એક લાખ એંશી હજાર પુરા)
(ડિસેમ્બર-૨૦૨૫ થી નવેમ્બર-૨૦૨૬)
(એક વર્ષ માટે)
ભીંડાવાળા હા. ડુબઇ નિવાસી
શ્રી મણીભાઇ વલ્લભદાસભાઇ વાયા તથા
શ્રીમતી જ્યોત્સનાબેન મણીભાઇ વાયા



તરફથી વિદ્યાર્થીઓના ૧ વર્ષ માટે વિદ્યાર્થી ઉત્કર્ષ ખર્ચ યોજનામાં રાજકોટ મહામંડળને દાન આપેલ છે.

મેડિકલ સહાય ફંડમાં સહયોગી દાતાશ્રીઓ

પટ્ટણી બ્રધર હુડ (નાઇરોબી)ના ભૂ.પૂ. ટ્રસ્ટી
શ્રી હર્ષદરાય પોપટભાઈ રાણા તથા
શ્રીમતિ લીલાવંતીબેન હર્ષદરાય રાણા
તરફથી



શ્રી હર્ષદરાય પોપટભાઈ રાણા

મેડિકલ સહાય ફંડમાં રૂા. ૨,૪૦,૦૦૦/-

(અકે રૂપીયા બે લાખ ચાલીશ હજાર)નું દાન

(દર માસે રૂા. ૨૦,૦૦૦/- લેખે ૧૨ માસ સુધીના)
(જાન્યુ. ૨૦૨૬ થી ડિસે. ૨૦૨૬)



શ્રીમતિ લીલાવંતીબેન હર્ષદરાય રાણા

આપના પ્રેરણાદાયિ યોગદાન બદલ રાજકોટ મહામંડળ હૃદયપૂર્વક આભાર માને છે

પરજીયા સમાચાર

વર્ષ : ૬૧ અંક : ૧૦ સળંગ અંક : ૭૦૦

માનદ્ તંત્રી : શ્રી જયંતિભાઇ એમ. ધકાણ – સહ તંત્રી : શ્રી હર્ષદભાઇ એચ. સાગર

સંસ્થાપક/સંરક્ષક/કાર્યાલય : **શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ**

જલારામ મંદિર રોડ, કુલછાબ ચોક, રાજકોટ. ફોન : ૮૯૮૦૧૨૨૭૨૨, ૮૯૮૦૧૨૨૩૨૨

અમારી મુખ્ય પ્રવૃત્તિઓ...

- બોર્ડિંગમાં રહી અભ્યાસ • વ્યવસાય લક્ષી તાલીમ
- આર્થિક સહાય • વૈદકીય રાહત • શિષ્યવૃત્તિઓ
- વિદ્યાર્થીઓના ઉત્કર્ષની પ્રવૃત્તિઓ જેવી કે
- વકતૃત્વ સ્પર્ધાઓ, રમત-ગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
- વી. ડી. પટ્ટણી લાયબ્રેરી • પરજીયા સમાચાર
- જેઠાભાઇ જગડા સ્પોર્ટસ રૂમ • સન્માન સમારંભ

આપશ્રી અમોને કેવી રીતે મદદરૂપ થઈ શકો?

અમારી પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા...

- એક વિદ્યાર્થીનો ઉત્કર્ષ ખર્ચ (માસિક/વાર્ષિક)
- વિદ્યોતેજક સહાયક ફંડ • સ્કોલરશીપ ફંડ
- પુસ્તક સહાય ફંડ • ફી માટે ભેટ
- ભોજન તિથી ફંડ • અનામત સેવા ફંડ
- મેડીકલ ફંડ • આપને ત્યાં પ્રસંગોપાત ફાળો નોંધાવીને

વિદ્યોતેજક વિદ્યાર્થી સહાયક કોર્પસ ફંડ માટે રાજકોટ બોર્ડીંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અપીલ

રાજકોટ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પોતાની માતૃસંસ્થાને ઋણ ચૂકવવાની યોજના ચાલુ છે, જેમાં સહભાગી થઇ ફક્ત રૂા. ૧,૦૦૦/-ની રકમ મહામંડળને અર્પણ કરી આપનું યોગદાન આપી આ યોજનાને સફળ બનાવવામાં નિમીત થશો એવી હાર્દિક અપિલ સાથે વિનંતી.

ચેરમેન, શિક્ષણ સમિતિ

રાજકોટ મહામંડળને કોઇપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે...

રાજકોટ મહામંડળને કોઇપણ ભેટ મોકલવા માંગતા જ્ઞાતિજનો હવે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની કોઇપણ શાખા દ્વારા નીચેના ખાતા નંબરમાં રકમ જમા કરાવી શકશે.

A/c Name :-

SAMAST PARAJIYA PATTANI SONI GNATI MAHAMANDAL

Bank :- **STATE BANK OF INDIA**

(SADARBAJAR BRANCH RAJKOT)

A/c No.:- 66006586804

IFSCode No. :- SBIN0060161

જ્ઞાતિજનોએ ભેટ મોકલાવતી વખતે ઉપરોક્ત ખાતા નંબર અને સંસ્થાનું નામ સ્લીપમાં લખી પહોંચ મેળવીને રાજકોટ મહામંડળને જાણ કરવી, જેથી પાકી પહોંચ આપને રવાના કરવામાં આવશે.

-મંત્રી, રાજકોટ મહામંડળ

આપશ્રીની સહાય એટલે સમાજની પ્રગતિ, આપશ્રીની સહાય એટલે સામાજીક ઉત્થાન.

આજીવન લવાજમના દર	
દેશમાં	૫૫૧-૦૦
પરદેશમાં	૫૧૫૧-૦૦
છુટક અંક : રૂા. ૧૦/–	

જાહેરાતના દર				
સિંગલ કલરમાં...	માસિક	વાર્ષિક	ફોર કલરમાં...	
અડધુ પેઇજ	૫૦૦-૦૦	૫૦૦૦-૦૦	અડધુ પેઇજ	૨૫૦૦.૦૦
આખુ પેઇજ	૧૦૦૦-૦૦	૧૦૦૦૦-૦૦	આખુ પેઇજ	૫૦૦૦.૦૦

e-mail: parajiyasamachar@yahoo.com

અંકમાં અપાતા લેખ, કૃતિ, અહેવાલ સાથે તંત્રી, સહતંત્રીનું સહમત હોવું આવશ્યક નથી.



સૂરજ આથમે છે ત્યારે જ નવી સવારની શરૂઆત થાય છે.

વ્હાલા જ્ઞાતિજનો,

મારી ૧૮ વર્ષની તંત્રી તરીકેની જવાબદારી દરમ્યાન આપ સૌના લાગણીસભર સહકારથી કદાચ સૌથી વધુ સમય તંત્રી તરીકે સેવા કરવાનો મને મોકો મળ્યો. જેમાં આપ સૌનો સહકાર, મારા સાથીઓની હૂંફ અને વડિલોનું માર્ગદર્શન મળ્યું. જેનાથી મને ઘણું જાણવા અને શિખવા મળ્યું.

કોઇપણ સામયિક કે પત્રકારત્વ જગતમાં તંત્રી એ માત્ર એક પદ નથી. પણ એક આખી સંસ્થા છે. તટસ્થ દષ્ટિકોણ અને અડગ સિધ્ધાંતો દ્વારા સમાજના પ્રશ્નોને વાચા આપવી. હંમેશા સમાજના હિતમાં વિચારવું એ સાચી તંત્રીની ઓળખ ગણાય. કોઇપણ મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ શાંત રહીને યોગ્ય નિર્ણય લેવો અને અને વાંચક જ્ઞાતિજનોના વિશ્વાસનું પ્રતિક બનવું. તેમજ ભૂતકાળના આપણા સમાજના આગેવાનો અને દિર્ઘદ્રષ્ટાનો વારસો જાળવી રાખવો. જેથી નવી પેઢીને પ્રેરણા મળે સાથે માર્ગદર્શન પણ.

તંત્રી એ સામયિકનું સુકાન સંભાળનાર એવા નાવિક છે જે સમાજમાં સમાચારો, પ્રગતિશીલ વિચારો થકી સમાજમાં જાગૃતિ લાવે. અને સમાજના વિચારોને સાચી દિશા મળે. એજ તંત્રીની મુખ્ય ભૂમિકા હોય છે. સૂરજ આથમે છે ત્યારે જ નવી સવારની શરૂઆત થાય છે.

તંત્રીપદ પરથી મારી વિદાય સમયે જે સંસ્થાના આદર્શો, મૂલ્યો અને નીડરતા હંમેશા મારા જીવનમાં જીવંત રહેશે. વિદાયની આ ક્ષણે આપ સૌ ''પરજીયા સમાચાર''નાં વાંચક જ્ઞાતિજનોનો ફરિવાર હૃદયપૂર્વક આભાર માનું છું. તેમજ મારા કાર્યકાળ દરમ્યાન મારા વિચારોથી કોઇને દુ:ખ થયું હોય તો દરગુજર કરશો અને નવા નિમાયેલ તંત્રીશ્રીને મને આપેલો પ્રેમ, સહકાર અને માર્ગદર્શન આપતા રહેશો એવી અપેક્ષા સાથે વિરમુ છું. નમસ્તે... આભાર..

Happy New Year

સુનિલ આર. ધાનક
તંત્રી

તંત્રી સ્થાનેથી...



પ્રિય જ્ઞાતિજનો,

આજનો આ દિવાળી અંક મારી તંત્રીપદની જવાબદારી સ્વીકારતા આપ સૌ સમક્ષ મુકતા ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું. મારા જીવનના મહત્તમ વર્ષ મહામંડળ તેમજ બોર્ડિંગ સાથે સંકળાયેલા રહ્યાં.

બોર્ડિંગમાં રહી અભ્યાસ કર્યો અને આશરે છેલ્લા ૨૩ વર્ષથી મહામંડળ સાથે જોડાયેલો રહ્યો. ૧૮ વર્ષ શિક્ષણ મંત્રી તરીકે માનદ્ સેવા આપી. અને હવે તંત્રીપદમાંથી પ્રમુખશ્રીની જવાબદારી સ્વીકારતા શ્રી સુનિલભાઇ ધાનકની તંત્રીપદની જવાબદારી મારા શીરે આવી. આમ તો મહામંડળના દરેક કાર્ય અમે સૌ સાથીઓ સાથે મળીને જ કરતા હોય છીએ. જેથી એક બીજાનું માર્ગદર્શન, સલાહ અને અનુભવ મળતા રહે છે.

આજે ડિજીટલ યુગ ચાલી રહ્યો હોય તેથી સોશિયલ મિડિયા દ્વારા સમાજના દરેક સમાચાર મળતા હોય. પરંતુ જ્ઞાતિ મુખપત્ર એક એવું માધ્યમ છે જે દરેક જ્ઞાતિજનો માટે એક સંભારણું બની રહે છે. આજથી ૨૫/૫૦ વર્ષની માહિતી જોઇતી હોય તો મુખપત્રમાં સંશોધન કરતા મળી રહે અને જે વડિલ વર્ગ છે તે બધા જ તો ડિજીટલ યુગમાં વિશ્વાસ નથી ધરાવતા અથવા અસમર્થ છે. તેઓ હંમેશા મુખપત્ર વાંચવા માટેનો જ આગ્રહ કરતા હોય છે. કહેવત છે ને કે 'લખેલું વંચાય' એમ એ વર્ગ માટે અને સમસ્ત સમાજ માટે જ્ઞાતિ મુખપત્રનું મહત્વ કાયમ રહેવાનું. કારણ કે તે સમાજનો અરિસો છે.

આ નવી સફરમાં આપ સૌ ''પરજીયા સમાચાર''ના વાંચક મિત્રો, જ્ઞાતિજનો અને સહયોગીઓનો સાથ સહકાર મળશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે દીપાવલીની શુભેચ્છા અને આવનાર નવું વર્ષ સૌના જીવનમાં નવા સ્વપ્ના, નવી સિદ્ધિઓ અને અઢળક આનંદ લઇને આવે તેવી શુભકામના પાઠવું છું.

આભાર.

જયંતિ ધકાણ

જયંતિભાઇ એમ. ધકાણ
તંત્રી

ભારતના ઉત્સવો જેટલી વિવિધતા ભાગ્યે જ દુનિયાના કોઇ દેશમાં જોવા મળશે

ભારત ઉત્સવપ્રિય દેશ છે એ ઉક્તિ ક્યારેય જુની થવાની નથી. ભારતના ઉત્સવો જેટલી વિવિધતા ભાગ્યે જ દુનિયાના કોઇ દેશમાં જોવા મળશે. દરેક તહેવાર, એના રૂપ રંગ, વિધિવિધાનો, ઉમંગ અને ઉત્સાહથી રોજીંદી ઘરેડમાં ફસાયેલા જણેજણને એકમાંથી અનેક થઇને વિસ્તરવાની સંભાવના ખોલી આપે છે.

આપણે ત્યાં ઉત્સવો સતત ચાલતી પ્રક્રિયા છે. કોઇ ઉત્સવ પુરો થાય એ એનો અંત નથી, પરંતુ નવા ઉત્સવને આવકારવા માટે સજ્જ થવાનો આરંભ છે.

દિવાળી એટલે દીવડાઓની હારમાળાના દર્શન, પ્રકાશની પૂજા, અંધકારનું નિવારણ, પ્રકાશ એટલે જ્ઞાન, અંધકાર એટલે અજ્ઞાન. નવા વરસે નવા કેલેન્ડરનું દર માસે પાનુ બદલાય, જૂની યાદો મૂકી એમ એક વર્ષ વહી જાય નવા વર્ષે જો જાતને નવી ના બનાવીએ તો નવું વર્ષ એ કેલેન્ડરની જ માત્ર કમાલ રહેશે.

નવા વર્ષે નવનિર્માણનો સંકલ્પ સાથે સંવત ૨૦૮૩ના શુભ સવારે શરૂ થતું નવું વર્ષ આપ સૌ જ્ઞાતિજનોને સમૃદ્ધમયિ, મંગલમય અને યશસ્વિ તેમજ સર્વ પ્રકારે સુખદાયી નીવડે એવી અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

હર્ષદભાઇ એચ. સાગર
સહતંત્રી



દિપાવલીની શુભેચ્છા તથા નૂતન વર્ષના આપ સૌ જ્ઞાતિજનોને સાલમુબારક

દિવાળીના નૂતન પર્વ નિમિતે સમસ્ત પરજીયા સોની જ્ઞાતિ મહામંડળના પદાધિકારીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સલાહકાર સભ્યશ્રીઓ ને યુવાગ્રુપ તેમજ મહિલા મંડળના સભ્યશ્રીઓ સમસ્ત સમાજને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન અને શુભકામનાઓ પાઠવે છે.

રાજકોટ મહામંડળની સ્થાપનાથી અત્યાર સુધીમાં અનેક આપણા સમાજના દીર્ઘદ્રષ્ટા અને વડીલોના અથાગ પ્રયત્નોથી સમાજ નિર્માણમાં એકત્વની ભાવના, કર્તવ્યનિષ્ઠા અને સમાજ ઉત્કર્ષ માટે પોતાની જાતથી ઉપર ઊઠીને સમાજનું હીત હૈયે રાખીને સમાજના તમામ વર્ગોનું તાદાત્મ્ય જાળવી મહામંડળ આજે વિરાટ સ્વરૂપે વટવૃક્ષ બની સમાજ ઉપયોગી અનેક પ્રવૃત્તિઓ ચલાવે છે. ત્યારે આપણી સૌની ફરજ બને છે કે તેઓના ચિંધ્યા માર્ગે આગળ વધી તેઓની સેવાઓને કાયમ બીરદાવી સત્કાર્યોની સુવાસ ફેલાવતા રહીએ.

મહામંડળની સ્થાપનાના સમયથી શુભચિંતકો, માર્ગદર્શકો અને કાર્યકરોએ જે ખંતથી સેવારૂપી યજ્ઞમા જે યોગદાન અને સહયોગ આપ્યો છે તેનો રાજકોટ મહામંડળ કાયમી ઋણી રહેશે.

સમાજના દાનવીરો કે જેમણે મહામંડળની સેવાકિય પ્રવૃત્તિઓ અને નિષ્કામ ભાવના થકી કાર્યકરોના પરિશ્રમને બિરદાવી આર્થિક સહયોગની સરવાણી વરસાવી છે. તેઓની ભાવનાઓની કદર કરતા અમે સૌ ગૌરવની લાગણી અનુભવીએ છીએ અને પ્રભુ પાસે પ્રાર્થના કરીએ કે તમારી સમૃદ્ધિ કાયમ બની રહે અને આપ સૌ સંપૂર્ણ નિરોગી રહો, તમને બધા જ સુખ સંપન્ન થાય એવી અમારા સૌની અંતરની અભિલાષા સાથે નવા વર્ષના સાલમુબારક...



અમે સૌ...

શ્રી સુનિલભાઇ રમણીકભાઇ ધાણક	રાજકોટ	પ્રમુખશ્રી
શ્રી ધીરજલાલ હરિભાઇ સાગર	રાજકોટ	ઉપપ્રમુખશ્રી
શ્રી મોહિતભાઇ ચીમનભાઇ કાગદડા	રાજકોટ	મંત્રીશ્રી
શ્રી રાજેન્દ્રભાઇ પ્રભુદાસભાઇ ધોરડા	રાજકોટ	સહમંત્રીશ્રી
શ્રી જયંતિભાઇ મોહનભાઇ ધકાણ	રાજકોટ	તંત્રીશ્રી, પરજીયા સમાચાર
શ્રી હર્ષદભાઇ હરિભાઇ સાગર	અમદાવાદ	સહતંત્રીશ્રી, પરજીયા સમાચાર
શ્રી સંજયભાઇ હિંમતભાઇ ધકાણ	રાજકોટ	શિક્ષણ મંત્રીશ્રી
શ્રી ધીરૂભાઇ હીરાભાઇ ઘઘડા	રાજકોટ	સહ શિક્ષણ મંત્રીશ્રી

કારોબારી સભ્યશ્રીઓ

શ્રી ભુપતભાઇ મુળજીભાઇ ધોરડા	રાજકોટ	શ્રી અશ્વિનભાઇ મનુભાઇ ધોરડા	રાજકોટ
શ્રી પ્રાણલાલ તુલસીદાસભાઇ ચલ્લા	વિંછીયા	શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ ધોરડા	રાજકોટ
શ્રી ભરતભાઇ દેવરાજભાઇ ચૌહાણ	અમરેલી	શ્રી જયેશભાઇ ધીરજલાલ ધકાણ	રાજકોટ
શ્રી ભરતભાઇ મુળજીભાઇ ધોરડા	રાજકોટ	શ્રી હરિભાઇ લક્ષ્મીદાસભાઇ ઘઘડા	મીઠાપુર
શ્રી હરેશભાઇ હરિભાઇ થડેશ્વર	રાજકોટ		

માનનીય સલાહકાર સભ્યશ્રીઓ

શ્રી હેમંતભાઇ પરસોત્તમભાઇ ધોરડા	રાજકોટ
શ્રી પ્રવિણભાઇ બાબુભાઇ સલ્લા	રાજકોટ
શ્રી શાંતિભાઇ વ્રજલાલભાઇ ધકાણ	રાજકોટ

રાજકોટ મહામંડળ દ્વારા પ્રેરિત યુવાગૃપ સભ્યશ્રીઓ

શ્રી હિતેશભાઇ મુકુંદભાઇ ઘઘડા	રાજકોટ	શ્રી વત્સલ રજનીભાઇ ધાનક	રાજકોટ
શ્રી સુરેશભાઇ અમૃતલાલ ધોરડા	રાજકોટ	શ્રી જીગ્નેશભાઇ ભુપતભાઇ ધોરડા	રાજકોટ
શ્રી દિપુભાઇ વૃજલાલ વાયા	રાજકોટ	શ્રી આશિષભાઇ ભરતભાઇ ધોરડા	રાજકોટ
શ્રી વિનુભાઇ થડેશ્વર	રાજકોટ	શ્રી ઉમેશભાઇ ભીખાભાઇ ધોરડા	રાજકોટ
શ્રી ભાવિનભાઇ ડી. ધાનક	રાજકોટ	શ્રી ભરતભાઇ ભગવાનદાસ ધકાણ	રાજકોટ
શ્રી જયદીપભાઇ આર. ધાનક	રાજકોટ		

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ-રાજકોટ

"સ્નેહ મિલન સમારોહ"

સહર્ષ જણાવવાનું કે રાજકોટ શહેરમાં વસતા સમસ્ત જ્ઞાતિજનોનું સ્નેહ મિલન સમારોહનું આયોજન રાજકોટ મહામંડળ દ્વારા નીચેના સ્થળે યોજવામાં આવેલ છે, તો સૌ જ્ઞાતિજનોને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવે છે.

તારીખ : ૦૬-૧૨-૨૦૨૬ રવિવાર, સમય : સાંજે ૬.૩૦ કલાકે

સ્થળ : શ્રી મોહનભાઇ હોલ, કસ્તુરબા રોડ, રાજકોટ.

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ

તા. ૦૪-૧૦-૨૦૨૬ : કારોબારી સભ્યશ્રીઓની મિટીંગ : સર્વાનુમત્તે નવા પ્રમુખની નિયુક્તિ

તા. ૦૪-૧૦-૨૦૨૬ના રાજકોટ બોર્ડિંગ ખાતે શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટની કારોબારી સભ્યશ્રીઓની મિટીંગ યોજાયેલ. જેમાં મુરબ્બી શ્રી ભુપતભાઇ મુળજીભાઇ ધોરડાનું પ્રમુખપદેથી રાજીનામુ આવતા નવા પ્રમુખની વરણી કરવા માટેનું આયોજન હતું.

શ્રી ભુપતભાઇ ધોરડાએ પોતાની નાદુરસ્ત તબીયત હોવાના લીધે આ જવાબદારી સ્વીકારવામાં અસમર્થતા દર્શાવતા તેઓની લાગણીને માન આપી ઉપસ્થિત સૌ સભ્યોએ તેમનો આભાર વ્યક્ત કરતા તેઓની અવિરત માનદ સેવા બદલ અંત:કરણપૂર્વક આભાર દર્શાવેલ.

ત્યારબાદ ચર્ચા-વિચારણાને અંતે છેલ્લા ૨૩ વર્ષથી કારોબારી સભ્યશ્રી તરીકે તેમજ ૧૮ વર્ષથી સમાજના મુખપત્ર ''પરજીયા સમાચાર''ના તંત્રી તરિકે માનદ સેવા આપેલ એવા શ્રી સુનિલભાઇ ધાનકના નામની દરખાસ્ત શ્રી ધીરૂભાઇ સાગર દ્વારા કરવામાં આવેલ. જેનો સૌ સભ્યો દ્વારા ટેકો જાહેર કરવામાં આવેલ અને સર્વાનુમત્તે તેઓને પ્રમુખપદે નિયુક્ત કરવામાં આવ્યા. અને એ જ રીતે તંત્રીપદે શ્રી જયંતિભાઇ ધકાણને નિયુક્ત કરવામાં આવ્યા. તેઓ પણ સતત ૨૩ વર્ષથી કારોબારી સભ્ય તરીકે અને ૧૮ વર્ષથી શિક્ષણ મંત્રી તરીકેની જવાબદારી નિભાવતા હતા.

આમ મિટીંગના અંતે પ્રમુખશ્રી સુનિલભાઇ ધાનક તેમજ તંત્રીશ્રી જેન્તીભાઇ ધકાણે સૌ કારોબારી સભ્યશ્રીઓનો આભાર વ્યક્ત કરતા સૌના સાથ સહકાર અને વડીલોના માર્ગદર્શનથી આ જવાબદારી નિભાવવામાં સરળતા રહેશે તેવી અપેક્ષા સાથે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી.

-શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ

શ્રી જેઠાલાલ હરીભાઇ જગડા તથા શ્રીમતી લીલાવંતીબેન જેઠાલાલ જગડા જીવન સંજીવની કોર્પસ ફંડનું અમલીકરણ

મહામંડળને મળેલ ઉપરોક્ત કોર્પસ ફંડના વ્યાજમાંથી હાલ બે નિરાધાર વયોવૃધ્ધોને વૃધ્ધાશ્રમમાં દાખલ કરી તેમની ફી નિયમીત રીતે મોકલવામાં આવે છે. આ માટે સમાજનાં કુલ પાંચ નિરાધાર વયોવૃધ્ધોને કોઇપણ પેઇડ વૃધ્ધાશ્રમમાં વહેલા તે પહેલાના ધોરણે દાખલ કરવાનું નક્કી કરેલ હોય, આ માટે જે તે વૃધ્ધાશ્રમની ફી અથવા માસીક રૂપીયા એક હજાર, એ બે માંથી જે ઓછી હશે તે રકમ મહામંડળ તરફથી ઉપરોક્ત ફંડના વ્યાજમાંથી ચુકવવામાં આવશે. આ માટે જરૂર જણાયે મહામંડળનો સંપર્ક કરવો.

આ યોજના ફક્ત વૃધ્ધો માટે જ છે. કોઇપણ વૃધ્ધ કોઇપણ સંસ્થામાં દાખલ થાય ત્યારે જ્ઞાતીના બે આગેવાનોની અગર સંસ્થાની ભલામણ સાથે અરજી લખી મોકલવાની રહેશે.

-પ્રમુખ/મંત્રી, મહામંડળ.

શુભેચ્છા સંદેશ

તાજેતરમાં મળેલી બેઠકમાં શ્રી સુનિલભાઇ ધાનકની શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટના પ્રમુખ તરીકે સર્વાનુમત્તે વરણી કરવામાં આવી છે. શ્રી સુનિલભાઇ છેલ્લા ૨૩ વર્ષથી રાજકોટ પરજીયા સોની મહામંડળમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપી રહ્યાં છે. અને ૨૦૦૮થી સંસ્થાના મુખપત્ર ''પરજીયા સમાચાર''ના તંત્રી તરીકે સેવા આપી રહ્યાં છે.

તેઓ જામનગર, દ્વારકા, અમદાવાદ, મુંબઇ, નૈરોબી, દુબઇ જેવી અનેક પરજીયા સોની સમાજની સંસ્થાઓ સાથે અંગત પરિચય ધરાવે છે અને વિવિધ પ્રસંગે હાજરી આપી સંસ્થાનું પ્રતિનિધિત્વ કરેલ છે. આપની નિષ્ઠા અને આગેવાનીનો મહામંડળને વધુ લાભ મળે તેવી અભ્યર્થના સાથે હાર્દિક અભિનંદન.

-હિરેન વાયા, એડમીન, પટ્ટણી વર્લ્ડ

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ-જામનગર, શ્રી પરજીયા સોની જ્ઞાતિ વાડી-દ્વારકા અને શ્રી પરજીયા સોની જ્ઞાતિ વાડી-ભાણવડ તરફથી શ્રી સુનિલભાઇ ધાનકને શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળના પ્રમુખ તરીકે નિમણુંક બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ. સમાજ અને સંસ્થાના વિકાસ અને પ્રગતિ માટે સંસ્થાના પ્રમુખ અને કમિટીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

શ્રી સુનિલભાઇ આર. ધાનક,

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ-રાજકોટ મહામંડળના પ્રમુખપદે આપની નિયુક્તિ થઇ છે તે બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

-ચેતન ઝવેરી, મુંબઇ

Jai Shree Krishna, Sunilbhai...

Congratulations on your election as President of Rajkot Parajiya Soni Mahamandal
Thank you for all your hard work and dedication.

Best wishes
Bharat Narshidas Mithabhai Ghaghada
Birmingham UK
Chairman
Pattni Connection Advisory Panel

Jai Shree Krishna - SUNILBHAI DHANAK

Congretulation to be a President of Mahamandal Rajkot Boarding

-P. H. Dhakan and all of UAE Soni samaj

રાજકોટ મહામંડળ દ્વારા તબીબી સહાય



આથી સર્વે જ્ઞાતિજનોને જણાવવાનું કે રાજકોટ મહામંડળ દ્વારા
અનેકવિધ સેવાકિય પ્રવૃતિઓ ચલાવવામાં આવે છે, અને
આ સેવાકિય પ્રવૃત્તિઓનો લાભ આપણા જ્ઞાતિજનો લઇ રહ્યાં છે.
રાજકોટ મહામંડળ દ્વારા તાજેતરમાં ''સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ સમાજના ધ્યેય'' સાથે
તબીબી ક્ષેત્રે જ્ઞાતિજનોને વધુ લાભ મળી રહે તેવા હેતુથી

''શ્રી પંચનાથ મહાદેવ સાર્વજનીક ટ્રસ્ટ''
લીમડા ચોક, પંચનાથ મંદિર રાજકોટ

દ્વારા રાહતભાવે મેડીકલ સુવિધાઓ અને સેવાઓ ઉપલબ્ધ છે.
તેથી આ સંસ્થા સાથે જોડાઇને **રાજકોટ મહામંડળ દ્વારા** ઉપલબ્ધ તમામ
તબીબી સુવિધાઓનો લાભ લેવા સમસ્ત જ્ઞાતિજનોને જાણ કરવામાં આવે છે.
ઉપરોક્ત સંસ્થા દ્વારા

- **ડાયાબીટીસ તપાસ,**
- **લેબોરેટરી,**
- **દાંતની તપાસ,**
- **હાડકાની તપાસ,**
- **સાર્વજનીક ક્લીનીક,**
- **કાન-નાક-ગળાની તપાસ,**
- **સ્પે. સોનોગ્રાફી,**
- **સોનોગ્રાફી,**
- **૨-ડી ઈકો,**
- **એક્સરે,**
- **ડેન્ટલ એક્સરે**
- **ડિજીટલ**

તથા તમામ પ્રકારના બ્લડ ટેસ્ટ

આ તકે જ્ઞાતિજનોને જણાવવાનું કે **ઉપરોક્ત તમામ તબીબી સેવાઓ અંગેનો ખર્ચ રાજકોટ મહામંડળ માંથી ચૂકવવામાં આવે છે,** તો આ તબીબી સેવાઓનો લાભ લેવા ઇચ્છતા જ્ઞાતિજનોએ રાજકોટ મહામંડળ બોર્ડિંગ ખાતે દર્દીના નામની નોંધણી (આધાર પૂરાવા સાથે) કરાવી, રાજકોટ મહામંડળ માંથી જરૂરી મંજુરી પત્ર મેળવીને ઉપરોક્ત સંસ્થાઓનો સંપર્ક કરવાનો રહેશે.

-મંત્રીશ્રી, રાજકોટ મહામંડળ

શ્રી સ.પ.પ. સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ

તા. ૦૧-૦૮-૨૦૨૬ થી ૩૦-૦૯-૨૦૨૬ સુધીના આવક જાવકના હિસાબો

કુલ આવક	
વિગત	રકમ રૂપિયા
મકાન ભાડા	૩,૩૦૦.૦૦
દાન ભેટ આવક	૯૨,૭૭૬.૦૦
પરજીયા સમાચાર આવક	૧૧,૫૦૦.૦૦
કોપર્સ ફંડ આવક	૬,૧૦૨.૦૦
બેન્ક વ્યાજ આવક	૪૨,૫૬૧.૦૦
શ્રી મોહનભાઇ હોલ આવક	૯,૮૦,૧૮૦.૦૦
બોર્ડિંગ ફી	૧૦૨.૦૦
કુલ આવક :	૧૧,૩૬,૫૨૧.૦૦

કુલ જાવક	
વિગત	રકમ રૂપિયા
ભોજન ખર્ચ	૧,૩૪,૪૨૦.૦૦
મેડીકલ સહાય	૬૭,૨૦૦.૦૦
આર્થિક સહાય	૨,૧૪,૩૯૦.૦૦
પરજીયા સમાચાર ખર્ચ	૪૯,૬૦૦.૦૦
અન્ય વહિવટી ખર્ચ કર્મચારી પગાર, વિજળી તથા ફોન બીલ, સ્ટેશનરી ખર્ચ, પરચુરણ ખર્ચ	૩,૭૩,૦૩૫.૦૦
પરચુરણ બાંધકામ ડેડસ્ટોક રીપેરીંગ	૧,૦૨,૧૧૦.૦૦
કન્યા સ્કોલરશીપ	૯૯,૦૦૦.૦૦
કુમાર સ્કોલરશીપ	૫૦,૦૦૦.૦૦
કુલ જાવક :	૧૦,૮૯,૭૫૫.૦૦

પરજીયા સમાચાર ગ્રાહક જોગ

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટની માલિકીનું સમાજોપયોગી, પ્રવૃત્તિનું મહત્વનું પ્રકાશન ''પરજીયા સમાચાર'' માસિક - જાન્યુઆરી ૧૯૬૭થી નિયમિત પ્રકાશિત થાય છે.

'પરજીયા સમાચાર' માસિકનો વિશાળ વાંચક વર્ગ સ્થાનિક તથા દેશ-વિદેશમાં વસવાટ કરે છે. સોની સમાજ તથા સોની સમાજના કૌટુંબિક સમાચારોની પ્રસિદ્ધિથી સમાજમાં ઘેર ઘેર વંચાતું થયું છે.

- વાંચકોને વિનંતી કે તેમના તરફથી પ્રસિદ્ધ કરવા અર્થે મોકલવાના સમાચારો, લેખો, જાહેરાતો વગેરે અમોને **જે તે માસની ૪ તારીખ** સુધીમાં મોકલી આપવાના રહેશે.
- સમાચારો, વિગતો ટુંકાણમાં, મુદ્દાસર અને વાંચી શકાય તેવા અક્ષરે તથા કાગળની એક જ બાજુએ લખી મોકલી આપવાના રહેશે. **તા. ૪ પછી મળેલ સમાચારો, વિગતો ત્યાર પછીના અંકમાં પ્રસિદ્ધ થશે. આ અંગે પૂછતાછ ન કરવા વિનંતી.**
- પ્રસિદ્ધ અર્થે મોકલવામાં આવતા કોઇપણ **સમાચારોની સત્યતા કે ચોકસાઇ વિશે કે કોઇ લખાણના કોઇ પુસ્તક કે લેખકના સ્વાધીનતાના હક્કના ભંગ વિશે મોકલનારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.** આ બાબતે 'સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ' કે 'પરજીયા સમાચાર' કોઇપણ રીતે જવાબદાર ગણાશે નહીં.
- **શાખ જોગ જાહેરાત/સમાચાર જે તે ટ્રસ્ટ/સંસ્થા કે મઢ/મંદિરના જવાબદાર વ્યક્તિએ પોતાના નામ, ફોન નં., મોબાઇલ નંબર તથા સરનામા સાથેની સંપૂર્ણ વિગત સાથેના લેટર હેડ પર લખી નીચે સહી અને સંસ્થાના સિક્કા સાથે મોકલવાના રહેશે. અન્યથા કોઇપણ પ્રેસનોટ લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેશો.**
- **સારા માઠા પ્રસંગે આપવામાં આવતા દાન/ભેટની નામાવલી (લીસ્ટ)માં** પૂરી રકમ અથવા તો અર્ધા ભાગે રાજકોટ મહામંડળને ભેટ આપવામાં આવેલ હશે તો જ ફાળાનું પુરૂં લીસ્ટ છાપવામાં લેવામાં લેવામાં આવશે, **૫૦% થી ઓછી દાન/ભેટની રકમનું પુરૂં લીસ્ટ છાંપવામાં નહિં આવે** તે રકમનો ફક્ત ઉલ્લેખ કરવામાં આવશે, અંકના પાનાની મર્યાદા માટે ના છુટકે આ નિર્ણય લેવો પડે છે, જેની નોંધ લેવા વિનંતી. **સહકારની અપેક્ષા.**
- **પ્રાસંગીક ફોટોગ્રાફસ કે લખાણ વ્હોટસએપ્સ દ્વારા કોઇપણ સંજોગોમાં સ્વિકારવામાં નહિં આવે જેની નોંધ લેશો.**
- 'પરજીયા સમાચાર' દર માસની ૧૫મી તારીખે અત્રેથી રવાના કરવામાં આવે છે. એટલે **'પરજીયા સમાચાર' મોડુ મળવા વિશે કે ન મળવા વિશે** વાંચકોને વિનંતી કે તેમણે **તેમના વિસ્તારના પોસ્ટમેન કે પોસ્ટઓફીસમાં** આ વિશે **રજુઆત કરવી.**

સહકાર બદલ આભાર... **-તંત્રી, સહતંત્રી, પરજીયા સમાચાર, રાજકોટ.**

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ પ્રેરિત મહિલા મંડળ-રાજકોટ દ્વારા ફક્ત મહિલાઓ માટે વિનામૂલ્યે

"અર્વાચીન રાસોત્સવ-૨૦૨૬"

પાંચ દિવસીય નવરાત્રીના રાસ-ગરબા : અહેવાલ

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ રાજકોટ મહામંડળ પ્રેરિત મહિલા મંડળ દ્વારા આયોજીત પાંચ દિવસીય નવરાત્રી મહોત્સવ તા. ૧૧-૧૨-૧૩-૧૪-૧૫-ઓક્ટોબર-૨૦૨૬ના રોજ શ્રી મોહનભાઇ હોલ રાજકોટ ખાતે યોજાયેલ. જેમાં આપણા સમાજની બહેન-દીકરીઓએ ઉત્સાહભેર ભાગ લઇ મહોત્સવને માણ્યો.

આ પાંચ દિવસીય મહોત્સવનું આયોજન આપણા સમાજની બહેન-દીકરીઓ માટેનું નિ:શુલ્ક આયોજન કરવામાં આવેલ. જેથી તેઓ નિર્ભય થઇને આનંદથી ભાગ લઇ શકે. આ પાંચેય દિવસે અલ્પાહારનું પણ આયોજન રાખેલ.

આ પાંચ દિવસીય નવરાત્રીની સફળતા મહિલા મંડળની બહેનોને આભારી છે. આ આયોજન બદલ રાજકોટ મહામંડળ શુભેચ્છા પાઠવે છે અને ભવિષ્યમાં પણ આવા સુંદર મહોત્સવનું આયોજન કરે તેવી અપેક્ષા સાથે શુભેચ્છા.

-શ્રી સ.પ.પ. સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ

નરોત્તમભાઈ ધકાણ (LIC વાળા)
નિર્મળભાઈ ધકાણ



M. 9409018408
98255 98947
R. 0281-2571320
99791 11250

શ્રી મોમાઈ કૃપા ટ્રાવેલ્સ

A/c., Non A/C. ઈનોવા, ટ્રાવેરા, ઈન્ડીગો, સ્વીફ્ટ, ક્રુઝર, ઈકો, ટેમ્પો ટ્રાવેલ્સ, મીની બસ, મોટી બસ, વિસ્ટા, અર્ટીગા



::: સરનામુ :::
"શ્રીજી સદન", અમીન માર્ગ,
જી-સૂર્યપાર્કની સામે,
શેરી નં. ૩, રાજકોટ.



જા×ખ-ફેબ્રુ. ૨૪ થી જાન્યુ. ૨૫

Bhikubhai Rathod
98706 89958

Jay Rathod
97692 43906

THE ESTATE AGENTS ASSOCIATION OF DAHISAR MUMBAI

EAAD

Since 1999

BAPA SITARAM ESTATE AGENT

**Contact for Sale & Purchase Room, Flat, Shop,
Farm House, Film Shooting Set, Bungalow**

REGD. NO. 483/2011 GBBSD ACT 1960 & F 41913 ACT 1950
Babuben Ishwarbhai Desai Chawl, Shop No. 10, S.N. Dube Road,
Near Adarsh Mandal, Opp. Bhavna Cupboad, Rawalpada,
Dahisar (E), Mumbai-68. Email: bhikup.rathod@yahoo.com



જા×ખ-૨૦૨૬

Congratulations



Shri Harshadbhai Rana

Category: Philanthropy
Recognition as National Hero of Kenya
Nation's Hero of Kenya
2026 Mashujaa Day Celebrations

શ્રી હર્ષદભાઈ રાણાને કેન્યાના 'રાષ્ટ્રીય નાયક'નું સન્માન

પરોપકાર અને લોકસેવાના ક્ષેત્રે યોગદાન બદલ પટ્ટણી સમાજનું ગૌરવ વધાર્યું

કેન્યાના **Mashujaa Day Celebrations 2026** માં પરોપકાર અને લોકસેવાના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ **શ્રી હર્ષદભાઈ રાણાને કેન્યાના 'રાષ્ટ્રીય નાયક' તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે.** આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ **શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ** તરફથી તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

આ રાષ્ટ્રીય સન્માન સમગ્ર પટ્ટણી ભાઈયારા તથા કેન્યાના વ્યાપક એશિયન સમુદાય માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે.

શ્રી હર્ષદભાઈ રાણા પટ્ટણી સમાજના આદરણીય વડીલ છે. તેમનું સમગ્ર જીવન સેવા, સાદગી, નમ્રતા અને સમાજ પ્રત્યેના સમર્પણનું પ્રેરણાદાયી ઉદાહરણ છે.

તેમણે લાંબા સમય સુધી પટ્ટણી બ્રધરહૂડ, નૈરોબીના ટ્રસ્ટી તરીકે તેમજ કચ્છી ગુજરાતી હિન્દુ યુનિયનના ટ્રસ્ટી તરીકે જવાબદારી નિભાવી છે. આ સંસ્થાઓને તેમણે પોતાના અનુભવી માર્ગદર્શન, વિવેકપૂર્ણ નેતૃત્વ અને નિઃસ્વાર્થ સેવાભાવથી સમૃદ્ધ બનાવી છે.

શ્રી હર્ષદભાઈ એક ઊંડી આધ્યાત્મિક શ્રદ્ધા ધરાવતા વ્યક્તિત્વ છે. તેઓ BAPS સ્વામિનારાયણ સંસ્થાના સક્રિય અને સમર્પિત અનુયાયી છે. માનવસેવાને ઈશ્વરસેવા માનવાની ભાવનાને તેમણે પોતાના જીવનમાં સાકાર કરી છે.

તેમની પરોપકારી ભાવના, મૌન દાનશીલતા અને સમાજકલ્યાણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાએ કેન્યામાં અનેક લોકોનાં જીવનને સ્પર્શ્યાં છે અને સમાજમાં સેવાની ભાવનાને પ્રેરણા આપી છે.

'રાષ્ટ્રીય નાયક' તરીકે મળેલું આ સન્માન માત્ર શ્રી હર્ષદભાઈ રાણાની વ્યક્તિગત સિદ્ધિ નથી, પરંતુ પટ્ટણી સમાજ જે મૂલ્યોમાં વિશ્વાસ રાખે છે—એકતા, સેવા, પરોપકાર અને રાષ્ટ્રનિર્માણ—તેનું પણ ગૌરવપૂર્ણ પ્રતિબિંબ છે. શ્રી હર્ષદભાઈ રાણા **Mashujaa**ની સાચી ભાવનાના પ્રતીક છે. નિઃસ્વાર્થ સેવા, માનવતા પ્રત્યેની કરુણા અને સમાજના ઉત્થાન માટેનું સમર્પણ જ તેમને વિશિષ્ટ બનાવે છે. તેમનું જીવન દર્શાવે છે કે સાચી મહાનતા સત્તા કે સંપત્તિમાં નહીં, પરંતુ બીજાના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની ભાવનામાં રહેલી છે.

તેમની નિઃસ્વાર્થ સેવા અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાની રાષ્ટ્રીય સ્તરે થયેલી કદર સમગ્ર પટ્ટણી સમાજ માટે ગૌરવની બાબત છે.

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ દ્વારા શ્રી હર્ષદભાઈ રાણાને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવે છે.

– શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ

શ્રી મોહનભાઈ કોમ્યુનિટી હોલ
અત્યાધુનિક અને વિસ્તરણની આછેરી ઝલક

- કોમ્યુનીટી હોલના પ્રાંગણમાં શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરનું સ્થાપન
- યુનીટ નં. ૧/૨ માં ઉતારા માટે સંપૂર્ણ એ.સી. રૂમ
- યુનીટ નં. ૧ માં ૪૦૦ માણસોની કેપેસીટી સાથે એ.સી. બેન્ક્વેટ હોલ
- યુનીટ નં. ૨ માં ૬૦૦ માણસોની કેપેસીટી સાથે એ.સી. બેન્ક્વેટ હોલ
- યુનીટ નં. ૨ માં અતિરીક્ત ઓપન ટેરેસ ગાર્ડનની વિશેષ સુવિધા
- ૧૦ માણસોની કેપેસીટી સાથે ૨ લીફ્ટ
- સલામતી અનુસંધાને ફાયર એન્ડ સેફ્ટીના સંસાધનોથી સજ્જ
- યુનીટ નં. ૧/૨ માં વાપરવા માટેના પાણીના વિશાળ ટાંકાઓ
- યુનીટ નં. ૧/૨ના રસોઇઘરમાં કેટરીંગ સ્ટાફ તથા સામાન માટે અલગ સીડી
- સમગ્ર પરીસરમાં સી.સી.ટી.વી. કેમેરા દ્વારા મોનીટરીંગ





મેડિકલેમ, મશીનો અને માનવતા વચ્ચે અટવાયેલું જીવનજીવન લંબાવવું કે યાતનામાંથી મુક્તિ આપવી?

આધુનિક તબીબી વ્યવસ્થા, વીમાકવચ અને વૃદ્ધાવસ્થાના અંતિમ પડાવમાં માનવીય સંવેદનાનો સવાલ

આધુનિક તબીબી વિજ્ઞાને માનવજીવનને અનેક રીતે આશીર્વાદ આપ્યો છે. અસાધ્ય ગણાતા રોગોની સારવાર શક્ય બની છે, અકાળ મૃત્યુ ટાળી શકાયાં છે અને અસંખ્ય પરિવારોને આશાનું નવું કિરણ મળ્યું છે. મેડિકલેમ જેવી વીમા યોજનાઓએ પણ આર્થિક મુશ્કેલીઓના સમયે અનેક લોકોને રાહત આપી છે. પરંતુ આ પ્રગતિની ચમક વચ્ચે એક ગંભીર પ્રશ્ન ઊભો થાય છે: **શું જીવનને શક્ય તેટલું લાંબું ખેંચવું એ જ સારવારની સફળતા છે, કે પછી જીવનના અંતિમ પડાવમાં દર્દીની પીડા, ઇચ્છા અને ગરિમાને જાળવવી પણ એટલી જ મહત્ત્વની છે?**

મેડિકલેમની પોલિસી ખરીદતી વખતે માણસને એક આશ્વાસન મળે છે કે મુશ્કેલીના સમયે સારવારનો ખર્ચ આડે નહીં આવે. આ આશ્વાસન જરૂરી પણ છે અને મૂલ્યવાન પણ. પરંતુ જ્યારે જીવનના અંતિમ તબક્કામાં પહોંચેલા વૃદ્ધ દર્દીની વાત આવે છે, ત્યારે આર્થિક સુરક્ષાનું એ જ કવચ ક્યારેક એક જટિલ નૈતિક પ્રશ્ન બની જાય છે. સારવારનો ખર્ચ વીમા કંપની ચૂકવવાની હોય, ત્યારે શું આપણે સારવારની ઉપયોગિતા કરતાં તેની ઉપલબ્ધતા પર વધારે આધાર રાખવા લાગીએ છીએ? સવાલ મેડિકલેમનો વિરોધ કરવાનો નથી; સવાલ એ છે કે મેડિકલેમ હોવાને કારણે સારવારનો દરેક સંભવિત વિકલ્પ અજમાવવો જ જોઈએ એવી માનસિકતા ક્યાંક આપણા નિર્ણયો પર હાવી તો નથી થઈ રહી ને? સિત્તેર કે એંસી વર્ષની ઉંમર વટાવી ચૂકેલું શરીર જ્યારે અનેક રોગો સામે ઝઝૂમી રહ્યું હોય, ત્યારે પરિવાર માટેનો સમય અત્યંત સંવેદનશીલ હોય છે. એક તરફ સ્વજનને ગુમાવવાનો ભય હોય છે, બીજી તરફ તેને બચાવી લેવાની તીવ્ર ઇચ્છા. આવી સ્થિતિમાં પરિવારને આશા દેખાડતી દરેક સારવાર મહત્ત્વપૂર્ણ લાગે એ સ્વાભાવિક છે.

પરંતુ આઇસીયૂમાં પ્રવેશ્યા પછી દર્દીનું જીવન ઘણીવાર મશીનો, દવાઓ, નળીઓ અને સતત દેખરેખ વચ્ચે સીમિત થઈ જાય છે. મોનિટર પર દેખાતા આંકડા અને હૃદયના ધબકારા પરિવારને આશ્વાસન આપે છે. છતાં એ સમજવું જરૂરી છે કે શરીરની કેટલીક ક્રિયાઓને તબીબી સહાયથી ચાલુ રાખવી અને દર્દીને સ્વસ્થતા, રાહત તથા જીવનની ગુણવત્તા પાછી આપવી—આ બંને અલગ બાબતો છે.

વેન્ટિલેટર, દવાઓ અને અન્ય જીવનરક્ષક ઉપચારો અનેક દર્દીઓ માટે જીવનદાતા સાબિત થાય છે. પરંતુ દરેક દર્દીમાં, દરેક પરિસ્થિતિમાં અને દરેક તબક્કે તેમનો લાભ એકસરખો હોતો નથી. કેટલીકવાર સારવારથી સુધારો શક્ય હોય છે; કેટલીકવાર તેનો લાભ મર્યાદિત હોય છે, જ્યારે શારીરિક પીડા અને માનસિક તણાવ વધવાની શક્યતા રહે છે.

અહીં જ તબીબી વિજ્ઞાનની સાથે માનવીય વિવેકની પણ કસોટી થાય છે. હોસ્પિટલની વ્યવસ્થા નિયમો, પ્રોટોકોલ અને ટેકનોલોજી પર ચાલે છે. ગંભીર દર્દીની સારવારમાં આ બધું અનિવાર્ય છે. છતાં એ યાદ રાખવું જોઈએ કે હોસ્પિટલના બેડ પર પડેલો માણસ માત્ર એક કેસ નંબર નથી. તે કોઈનો પિતા છે, કોઈની માતા છે, કોઈનો જીવનસાથી છે અને કોઈ પરિવારની વર્ષો જૂની સ્મૃતિઓનો જીવંત આધાર છે.

જે વ્યક્તિએ આખી જિંદગી પરિવાર માટે પરિશ્રમ કર્યો હોય, સંતાનોને ઉછેર્યાં હોય અને પોતાના અનુભવો વડે અનેક પેઢીઓને ઘડી હોય, તેની અંતિમ ઘડીઓમાં તેની ઇચ્છા અને ગરિમાને અવગણવી એ ગંભીર માનવીય પ્રશ્ન છે. ક્યારેક દર્દી પોતાની પીડા શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી. ક્યારેક દવાઓ, નળીઓ અથવા શારીરિક અશક્તિને કારણે તે પોતાની પસંદગી જણાવી શકતો નથી. આવી સ્થિતિમાં તેની અગાઉ વ્યક્ત કરેલી ઇચ્છાઓ, સારવાર અંગેની સમજણ, તબીબી પરિસ્થિતિ અને પરિવાર સાથેની સંવેદનશીલ ચર્ચા અત્યંત મહત્ત્વપૂર્ણ બને છે.

દર્દી માટે કઇ સારવાર લાભદાયી છે અને કઇ સારવાર માત્ર પીડા વધારી રહી છે, તેનો નિર્ણય માત્ર ઉંમરના આધારે થઇ શકે નહીં. પરંતુ ઉંમર, રોગની ગંભીરતા, સાજા થવાની શક્યતા અને દર્દીની ઇચ્છા—આ તમામ બાબતોને સાથે રાખીને નિર્ણય લેવો જરૂરી છે. મેડિકલેમનો મૂળ હેતુ સારવારના ખર્ચ સામે આર્થિક રક્ષણ પૂરું પાડવાનો છે. તે સારવારની જરૂરિયાત કે તેની સફળતાની ખાતરી આપતું સાધન નથી. છતાં વીમાનું કવચ ઉપલબ્ધ હોય ત્યારે સારવાર અંગેના નિર્ણયો પર તેની પરોક્ષ અસર થતી હોય તો તેની ચર્ચા થવી જોઇએ.

પરિવારને લાગે છે કે પોલિસી છે, એટલે શક્ય હોય એટલી સારવાર કરાવી લેવી જોઇએ. હોસ્પિટલ પાસે સારવારના અનેક વિકલ્પો ઉપલબ્ધ હોય છે. બીજી તરફ, વીમા કંપનીની પોતાની શરતો, મર્યાદાઓ અને મંજૂરીની પ્રક્રિયા હોય છે. આ સમગ્ર વ્યવસ્થાની વચ્ચે દર્દીનું હિત સૌથી મહત્ત્વનું હોવું જોઇએ. પરંતુ અહીં એક અસ્વસ્થ કરતો પ્રશ્ન ઊભો થાય છે: શું આપણે ક્યારેક સારવારની જરૂરિયાત કરતાં તેની આર્થિક ઉપલબ્ધતાને વધારે મહત્ત્વ આપીએ છીએ?

જો સારવારનો ખર્ચ પોતાની બચતમાંથી ચૂકવવાનો હોય, તો પરિવાર દરેક વિકલ્પ વિશે વધુ વિચાર કરે; પરંતુ વીમાકવચ ઉપલબ્ધ હોય ત્યારે ખર્ચની ચિંતા ઓછી થવાથી વધુ સારવાર કરાવવાની વૃત્તિ વધી શકે છે. આ દરેક પરિવાર કે હોસ્પિટલ માટે સાચું છે એવું કહી શકાય નહીં, પરંતુ આ સંભાવનાની અવગણના પણ કરી શકાય નહીં. તે જ રીતે, હોસ્પિટલમાં થતી દરેક તપાસ કે સારવારને બિનજરૂરી ગણવી પણ યોગ્ય નથી. ગંભીર દર્દીને વારંવાર તપાસવાની જરૂર હોઇ શકે છે અને ક્યારેક નાની દેખાતી તબીબી કાર્યવાહી પણ જીવન બચાવી શકે છે. પ્રશ્ન એ છે કે દરેક તપાસ, દરેક પ્રક્રિયા અને દરેક વધારાની સારવાર પાછળ સ્પષ્ટ તબીબી કારણ છે કે નહીં.

સમાજમાં એક માનસિક દબાણ ઘણીવાર જોવા મળે છે. પરિવારના સભ્યોને ડર હોય છે કે જો તેમણે અંતિમ સમયે હોસ્પિટલમાં દાખલ ન કર્યા, અથવા શક્ય તમામ સારવાર ન કરાવી, તો લોકો તેમને બેદરકાર ગણશે. પરિણામે, ક્યારેક સારવારનો નિર્ણય દર્દીની જરૂરિયાત કરતાં સામાજિક અપેક્ષાઓથી પ્રભાવિત થઇ શકે છે.

પરિવારજનોની આ લાગણીને માત્ર દેખાડો કે અપરાધભાવ કહીને નકારી શકાય નહીં. પોતાના સ્વજનને બચાવવાની ઇચ્છા પ્રેમમાંથી જન્મે છે, અને તેને ગુમાવવાનો ભય પણ એટલો જ વાસ્તવિક છે. પરંતુ પ્રેમનો અર્થ દરેક સંજોગોમાં દરેક સંભવિત સારવાર કરાવવી જ છે એવું નથી. પ્રેમનો અર્થ દર્દીની પીડા સમજવી, તેની ઇચ્છા સાંભળવી, તબીબો સાથે ખુલ્લી ચર્ચા કરવી અને તેના હિતમાં યોગ્ય નિર્ણય લેવાની હિંમત રાખવી પણ છે. ક્યારેક પરિવારને લાગે છે કે મશીનો ચાલુ છે એટલે સારવાર ચાલુ છે અને સારવાર ચાલુ છે એટલે આશા જીવંત છે. પરંતુ આશા માત્ર ધબકારા ચાલુ રહેવાની નથી. આશા એ પણ છે કે દર્દીને પીડામાંથી રાહત મળે, શ્વાસ લેવામાં સરળતા રહે, ભય ઓછો થાય અને તે પોતાના પ્રિયજનોની હાજરીનો અનુભવ કરી શકે.

મેડિકલેમની પોલિસીની એક નિશ્ચિત આર્થિક મર્યાદા હોય છે. આ મર્યાદા પૂરી થાય ત્યારે પરિવાર માટે ચિંતા વધે છે. હવે આગળનો ખર્ચ કેવી રીતે ઉઠાવવો, કઇ સારવાર ચાલુ રાખવી અને શું વિકલ્પો ઉપલબ્ધ છે—એવા પ્રશ્નો ઊભા થાય છે. આ સમયે એક અસ્વસ્થ કરતો વિરોધાભાસ સામે આવે છે: જે દર્દીની સારવાર અત્યાર સુધી જરૂરી અને અનિવાર્ય ગણાતી હતી, તેની સ્થિતિમાં કોઇ મોટો ફેરફાર ન થયો હોવા છતાં ખર્ચની મર્યાદા નજીક આવતાં સારવારના વિકલ્પો અંગે નવી ચર્ચા શરૂ થાય છે. આવા સંજોગોમાં દરેક હોસ્પિટલના ઇરાદા વિશે શંકા કરવી યોગ્ય નથી. દર્દીની તબીબી સ્થિતિ બદલાઇ શકે છે, સારવારનો લાભ મર્યાદિત હોઇ શકે છે અને તબીબી ટીમને પણ ક્યારેક સારવારની દિશા બદલવાની જરૂર પડે છે. પરંતુ દર્દી અને પરિવારને સારવારના હેતુ, અપેક્ષિત લાભ, જોખમો તથા ખર્ચ વિશે સમયસર અને સ્પષ્ટ માહિતી મળવી જ જોઇએ.

સારવાર ચાલુ રાખવી કે તેની પદ્ધતિ બદલવી, તે નિર્ણય વીમાની મર્યાદાના આધારે નહીં, પરંતુ દર્દીના હિત, તબીબી પુરાવા અને તેની ઇચ્છાને કેન્દ્રમાં રાખીને લેવો જોઇએ. જીવનના અંતિમ તબક્કામાં જ્યારે રોગને સંપૂર્ણપણે મટાડવાની શક્યતા ઓછી હોય, ત્યારે સારવારનો હેતુ બદલાઇ શકે છે. આનો અર્થ દર્દીને ત્યજી દેવો કે તેની સંભાળ બંધ કરી દેવી એવો નથી. પીડામાં રાહત આપવી, શ્વાસની તકલીફ ઘટાડવી, બેચેની અને ભય ઓછાં કરવાં, દર્દીને શક્ય તેટલો આરામ આપવો અને પરિવારને માનસિક સહારો પૂરો પાડવો—આ બધું પણ તબીબી સંભાળનો જ ભાગ છે.

યોગ્ય પરિસ્થિતિમાં દર્દીની ઇચ્છા, તબીબી સલાહ અને પરિવાર સાથેની ચર્ચાના આધારે ઘરે સંભાળ રાખવાનો વિકલ્પ પણ વિચારવા યોગ્ય બની શકે છે. જોકે દરેક દર્દી માટે ઘરનું વાતાવરણ યોગ્ય હોય જ એવું નથી. ક્યારેક હોસ્પિટલની સુવિધાઓ જરૂરી હોય છે; ક્યારેક ઘરે યોગ્ય સહાય અને તબીબી માર્ગદર્શન સાથે વધુ આરામદાયક સંભાળ શક્ય બને છે. મુદ્દો હોસ્પિટલ કે ઘર વચ્ચે પસંદગી કરવાનો નથી. મુદ્દો એ છે કે દર્દીને જ્યાં અને જે રીતે શ્રેષ્ઠ સંભાળ મળી શકે, ત્યાં તેની ગરિમા અને પીડામુક્ત જીવનને પ્રાથમિકતા મળે.

દર્દી અને પરિવારની ઇચ્છા અનુસાર, તબીબી રીતે યોગ્ય હોય ત્યારે જીવનના અંતિમ દિવસોમાં સ્વજનોની હાજરી, પ્રેમાળ સ્પર્શ, શાંતિપૂર્ણ વાતાવરણ અને લાગણીસભર સંવાદ અમૂલ્ય બની શકે છે. મશીનો જરૂરી હોય ત્યારે તેમનો ઉપયોગ થવો જોઇએ; પરંતુ માનવીય સ્પર્શનું સ્થાન મશીનો ક્યારેય લઇ શકતાં નથી.

આધુનિક તબીબી વિજ્ઞાનની સફળતા માત્ર એમાં નથી કે તે જીવનને કેટલા દિવસો સુધી લંબાવી શકે છે. તેની સફળતા એમાં પણ છે કે તે દર્દીને કેટલી પીડામાંથી રાહત આપે છે, તેની પસંદગીનો કેટલો આદર કરે છે અને જીવનના અંતિમ પડાવમાં તેને કેટલી ગરિમા સાથે સંભાળે છે.

મેડિકલેમ હોવું આશીર્વાદ છે. આધુનિક સારવાર ઉપલબ્ધ હોવી પણ આશીર્વાદ છે. પરંતુ આ બંનેનો હેતુ માનવીનું હિત છે—માત્ર સારવારની પ્રક્રિયા ચાલુ રાખવાનો નથી.

પરિવારોએ સમજવું પડશે કે અંતિમ સમયે યોગ્ય પ્રશ્ન માત્ર એટલો નથી કે 'હજુ શું કરી શકાય?' પરંતુ એ પણ છે કે 'આ સારવારથી દર્દીને ખરેખર શું લાભ થશે?' તબીબી નિષ્ણાતોએ પણ શક્ય તેટલી સ્પષ્ટતા સાથે સારવારના લાભ, મર્યાદા અને વિકલ્પો સમજાવવા જોઇએ. અને સમાજે પણ એ સ્વીકારવું જોઇએ કે દરેક સંજોગોમાં વધુ ખર્ચાળ સારવાર કરાવવી એ જ પ્રેમનો પુરાવો નથી.

મૃત્યુ જીવનનું અનિવાર્ય સત્ય છે. તેને અટકાવવાની દરેક શક્ય કોશિશને નકારી દેવી એ ઉકેલ નથી, પરંતુ દરેક સંજોગોમાં મૃત્યુને શક્ય તેટલું દૂર ધકેલવું એ પણ સમજદારી નથી. જરૂર છે વિજ્ઞાનની શક્તિ, તબીબી વિવેક, પરિવારના પ્રેમ અને દર્દીની ગરિમા વચ્ચે સંતુલન જાળવવાની.

આખરે, જીવનની સૌથી કરુણ ક્ષણ એ નથી કે કોઇ સ્વજન આપણને છોડીને વિદાય લઇ રહ્યું છે; પરંતુ એ છે કે તેની વિદાયની ઘડીઓમાં આપણે તેને કેટલું સુખ, કેટલી શાંતિ અને કેટલો પ્રેમ આપી શક્યા. જે હાથોએ આખી જિંદગી આપણને સંભાળ્યા, એ જ હાથ જીવનના અંતિમ પડાવમાં મશીનો અને નળીઓ વચ્ચે લાચાર બની જાય, ત્યારે કદાચ તેને વધુ એક સારવાર કરતાં આપણા પ્રેમાળ સ્પર્શની, વધુ એક રિપોર્ટ કરતાં આપણા બે હૂંફાળા શબ્દોની અને વધુ એક દિવસના ધબકારા કરતાં પીડામાંથી રાહતની જરૂર હોય.

મેડિકલેમનું કવચ આર્થિક ચિંતા ઓછી કરી શકે છે, તબીબી વિજ્ઞાન જીવન બચાવી શકે છે, પરંતુ કોઇ વીમા પૉલિસી લાગણીની હૂંફ આપી શકતી નથી અને કોઇ મશીન સ્વજનના હાથનો સ્પર્શ બની શકતું નથી. તેથી અંતિમ નિર્ણય લેતી વખતે એક વાર એટલું જરૂર વિચારીએ કે આપણે આપણા સ્વજનને ખરેખર સાજા થવાની તક આપી રહ્યા છીએ કે માત્ર તેને ગુમાવવાની પોતાની પીડાને થોડા સમય માટે પાછળ ધકેલી રહ્યા છીએ?

કારણ કે માણસની જિંદગીની કિંમત તેના છેલ્લા શ્વાસોની સંખ્યાથી નહીં, પરંતુ એ શ્વાસો વચ્ચે તેને મળેલી શાંતિ, સ્નેહ અને સન્માનથી નક્કી થવી જોઇએ.


અંતે, કદાચ સાચી માનવતા એમાં નથી કે આપણે સ્વજનને ગમે તેમ કરીને વધુ સમય સુધી પકડી રાખીએ; પરંતુ એમાં છે કે જ્યારે સમય સામેની લડાઇમાં તેની શક્તિ ખૂટી રહી હોય, ત્યારે તેને એકલું ન છોડીએ, તેની પીડા સમજીએ અને તેના અંતિમ પડાવને પણ પ્રેમથી જીવવા જેવો બનાવીએ.

સંગ્રાહક : ભાવેશ ગજ્જર, રાજકોટ.

ભેટની ચાદી

ગતઃ માસ દરમ્યાન નીચે મુજબ દાન-ભેટ મળેલ છે,
તે બદલ મહામંડળ દાતાઓનો આભાર માને છે.

શુભ વેવિશાળ પ્રસંગે ખુશી ભેટ



ભીંડાવાળા હાલ ડુબઇ નિવાસી શ્રી ધીરજલાલ વલ્લભદાસ વાયાના સુપૌત્ર તે શ્રીમતી ભાવિશાબેન તથા શ્રી યોગેશકુમાર ધીરજલાલ વાયાના સુપુત્ર ચિ. હર્ષનું શુભ વેવિશાળ ઓખાવાળા હાલ રાજકોટ નિવાસી શ્રી રણછોડદાસ નરસિંહદાસભાઇ પટ્ટની સુપૌત્રી તે શ્રીમતી કાજલબેન તથા શ્રી ચંદ્રકાંતભાઇ રણછોડદાસ પટ્ટની સુપુત્રી ચિ. રાધિકા સાથે તા. ૨૨-૧૦-૨૦૨૬ને ગુરૂવાર (અગીયારસ)ના શુભ દિવસે રાજકોટ મુકામે યોજાયેલ, તે શુભ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ખુશી ભેટ.

હ. શ્રી અશ્વિનકુમાર વિઠ્ઠલદાસ ઘઘડા (નાની વાવડીવાળા, હાલ ડુબઇ) તથા શ્રી વસંતરાય મોહનલાલભાઇ ધકાણ (ભાટીયાવાળા)

૧૦૦૧/-	શ્રી યોગેશકુમાર ધીરજલાલ વાયા
૫૦૧/-	શ્રી ચંદ્રકાંતભાઇ રણછોડદાસ પટ્ટ
૧૫૦૨/-	

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ સંચાલિત

સ્વ. ચંપાબેન સવજીભાઈ ધાનક સેનેટોરીયમ નિઃસ્વાર્થ ભાવે જ્ઞાતિજનોની સેવામાં...

તા. ૧૧-૦૬-૨૦૧૭ના રવિવારે શરૂ કરાયેલ રાજકોટ મહામંડળ સંચાલિત ''ગૌ.વા. ચંપાબેન સવજીભાઇ ધાનક સેનેટોરીયમ'' માં બહારગામથી આવતા આપણા સમાજના દર્દીઓની સારવાર અર્થે સાથે આવતા આપણા જ્ઞાતિજનોને રહેવા, ઉતરવા તથા જમવાની ઉત્તમ સગવડ પૂરી પાડવામાં આવે છે.

આ સેનેટોરીયમમાં રહેવા આવનાર વ્યક્તિએ પોતાનું ફોટો પ્રુફ રજુ કરવું ફરજીયાત છે. તથા દર્દીના કેસ પેપર્સની ફાઇલની ઝેરોક્ષ અને એડ્રેસ પ્રુફનો કોઇપણ આધાર આપવાનો રહેશે. ફકત બહારગામથી સારવાર માટે આવતા દર્દીના સગા-સંબંધીઓને જ રહેવા/જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. નિઃસ્વાર્થ સેવાભાવે શરૂ કરેલ આ પ્રવૃત્તિમાં અહીં રહેનાર દરેક ભાઇ-બહેનોએ બધી જ વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

-મંત્રીશ્રી, રાજકોટ મહામંડળ

મેડિકલ સહાય માસિક યોજનામાં દર માસે ભેટ



કલ્બા (યુ.એ.ઇ.) નિવાસી હેમરાજભાઇ દેવકરણભાઇ વાયા તરફથી સ્વ. સવિતાબેન હેમરાજભાઇ વાયાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૨૪ માસ=૨૪૦૨૪/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. (ઓગષ્ટ-૨૦૨૫ થી જુલાઇ-૨૦૨૭)

૨૪૦૦૦/- મુળ તરસાઇ, જેતપુર, શારજાંહવાળા સ્વ. જમનાબેન તથા સ્વ. જયંતિલાલ લાલજીભાઇ ઘઘડાના સ્મરણાર્થે દર માસે ૧૦૦૦ લેખે ૨૪ માસ (બે વર્ષ) સુધી મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. શ્રી પ્રકાશભાઇ જયંતિલાલ ઘઘડા (સી.જી. ગોલ્ડ સ્મીથ-શારજાંહ, દોહા). (નવે. ૨૦૨૫ થી ઓક્ટો. ૨૦૨૭)



મૂળ તરસાઇવાળા હાલ રાજકોટ નિવાસી સ્વ. ગીતાબેન પ્રવિણકુમાર ઘઘડાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૦૦૧ × ૧૨ માસ=૧૨૦૧૨/- મેડીકલ સહાય ફંડમાં ભેટ. હ. વિકાસભાઇ પ્રવિણભાઇ ઘઘડા (ઓક્ટોબર-૨૦૨૬ થી સપ્ટેમ્બર-૨૦૨૭)

૨૪૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી મેડીકલ સહાય ફંડમાં ભેટ
(ઓગષ્ટ-૨૦૨૬ થી જુલાઇ-૨૦૨૭)



૧૩૩૩૨/- નાની ભગેડીવાળા હાલ દુબઇ નિવાસી સ્વ. ગોરધનદાસ નરશીભાઇ કતીરાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૧૧૧/- લેખે ૧૨ માસ (૧ વર્ષ) સુધી શ્રી પ્રફુલભાઇ ગોરધનદાસ કતીરા તરફથી મેડીકલ સહાયમાં ભેટ. (મે-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૭)
હ. શ્રી પ્રવિણભાઇ ઘઘડા (કા.સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)



૧૩૩૩૨/- નાની ભગેડીવાળા હાલ દુબઇ નિવાસી સ્વ. દેવકુંવરબેન ગોરધનદાસ કતીરાના સ્મરણાર્થે દર માસે રૂા. ૧૧૧૧/- લેખે ૧૨ માસ (૧ વર્ષ) સુધી શ્રી પ્રફુલભાઇ ગોરધનદાસ કતીરા તરફથી મેડીકલ સહાયમાં ભેટ. (મે-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૭)
હ. શ્રી પ્રવિણભાઇ ઘઘડા (કા.સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)

આર્થિક સહાય માસિક યોજનામાં દર માસે ભેટ

૨૪૦૧૨/- એક વૈષ્ણવભાઇ તરફથી આર્થિક સહાય ફંડમાં ભેટ
(ઓગસ્ટ-૨૦૨૬ થી જુલાઇ-૨૦૨૭)

માતૃ સંસ્થાને માસિક તથા સંસ્થાની મુલાકાત પ્રસંગે ભેટ

૨૦૦૦/- શ્રી પ્રવિણભાઇ બાબુભાઇ ચલ્લા-રાજકોટ (દર માસે) (જુલાઇ-ઓગસ્ટ-૨૦૨૬)
૨૦૧/- શ્રી ભીખુભાઇ પ્રભુદાસભાઇ રાઠોડ-મુંબઇ દહિંસર

વાઘેશ્વરી માતાજી મંદિર પૂજા ભેટ

૪૦૦૦/- શ્રી હર્ષદભાઇ પોપટભાઇ રાણા નાઇરોબી તરફથી મોહનભાઇ હોલ બે ટાઇમ પૂજા માટે ભેટ.


શ્રી સ.પ.પ. સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટની કારોબારી કમિટીની મિટીંગ પ્રસંગે ભેટ

૧૦૦૦/- શ્રી ભુપતભાઇ મુળજીભાઇ ધોરડા-રાજકોટ
૨૦૦/- શ્રી હરિભાઇ લક્ષ્મીદાસભાઇ ઘઘડા-રાજકોટ

રાજકોટ બોર્ડિંગમાં દશેરાના હવન પ્રસંગે ખુશી ભેટ

૫૦૦/- શ્રી સતિશભાઇ ભગવાનજીભાઇ ઘઘડા (કુતિયાણાવાળા, હાલ રાજકોટ) તરફથી તેમના સુપુત્ર શ્રી શ્યામભાઇ સતિશભાઇ ઘઘડા તથા પુત્ર વધુ શ્રીમતિ બંસીબેન શ્યામભાઇ ઘઘડા દશેરાના હવનમાં સાતક બેસતા ખુશી ભેટ.
૫૦૦/- શ્રી રાજદેવ પરિવાર-રાજકોટ
૧૦૦/- શ્રી વિનુભાઇ ગોરધનભાઇ થડેશ્વર-રાજકોટ (વી.જી. જ્વેલર્સ)
૧૦૦/- શ્રી ભરતભાઇ ભગવાનદાસ ધકાણ-વડીયાવાળા, રાજકોટ

સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં દાન




૧૫૫૧/- (અકે રૂપીયા એક હજાર પાંચસો એકાવન)

ખાગેશ્રીવાળા હાલ રાજકોટ પ્રવિણચંદ્ર તુલસીદાસ જગડા તા. ૨૩-૦૫-૨૦૨૨ના રોજ શ્રીજીચરણ પામેલ, તેઓની ચોથી પૂણ્યતિથિ નિમીતે સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં ટંક એક માટે દાન.

હ. શ્રી પરેશભાઇ પ્રવિણચંદ્ર ઘઘડા, રાજકોટ.

અન્ય ભેટ



ડુંગરવાળા હાલ ઊના નિવાસી શાનુભાઇ ત્રિભોવનભાઇ ધકાણ (ઉ.વ. ૮૦) તા. ૦૧-૦૯-૨૦૨૬ને મંગળવારના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૧૨-૦૯-૨૦૨૬ને શનિવારના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે મળેલ ભેટ.

૧૧૧૧૧/- સ્વ. શાનુભાઇ ત્રિભોવનભાઇ ધકાણના સ્મરણાર્થે ભેટ
૧૫૫૧/- સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં ટંક એક માટે દાન
૨૫૦૦/- દોહિતરની રકમ મેડીકલ સહાય ફંડમાં દાન હ. શ્રી હર્ષાબેન કિશોરકુમાર કાગદડા-રાજકોટ
૨૧૦૦/- શ્રી કિશોરભાઇ તુલશીભાઇ ધકાણ-સુરત
૧૧૦૦/- શ્રી અરવિંદભાઇ ત્રિભોવનભાઇ ધકાણ-ડુંગર
૧૧૦૦/- શ્રી જલાભાઇ ત્રિભોવનભાઇ ધકાણ-ઉના
૧૯૪૬૨/- હ. શ્રી અનિલભાઇ શાનુભાઇ ધકાણ, શ્રી કમલેશભાઇ શાનુભાઇ ધકાણ, શ્રી સંકેતભાઇ અનિલભાઇ ધકાણ




બગસરાવાળા હાલ રાજકોટ નિવાસી રમેશભાઇ વલ્લભભાઇ ધોરડાના ધર્મપત્ની પ્રવિણાબેન (ઉ.વ. ૬૪) તા. ૨૪-૦૯-૨૦૨૬ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૦૫-૧૦-૨૦૨૬ને સોમવારના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મળેલ ભેટ. (હ. શ્રી અશ્વિનભાઇ મનુભાઇ ધોરડા, કા.સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)

૨૧૦૦/- શ્રી વલ્લભદાસ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૧૫૫૧/- સાદુ ભોજન તિથી કોપર્સ ફંડમાં ટંક એક માટે દાન
૧૧૦૦/- શ્રી ગોકળભાઇ લક્ષ્મણભાઇ પટ્ટ-રાજકોટ હ. શ્રી નટુભાઇ, શ્રી વનુભાઇ
૫૫૧/- દોહિતરની રકમ મેડીકલ સહાય ફંડમાં દાન હ: શ્રી રૂચી જૈમીનકુમાર સોની
૫૦૦/- શ્રી રમેશભાઇ હરિભાઇ સાગર-દેરડી કુંભાજી
૨૫૦/- શ્રી હરજીવનભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી દીનકરભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી હરિભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી અમુભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી શાંતિભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી આતુભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી જગદિશભાઇ ભાણજીભાઇ ધોરડા-બગસરા
૨૫૦/- શ્રી બાબુભાઇ લક્ષ્મણભાઇ કાગદડા-જેતપુર
૨૫૦/- શ્રી મગનલાલ મણીલાલ ધકાણ-જામનગર
૨૦૦/- શ્રી રસિકભાઇ પ્રભુદાસભાઇ ભાનાણી-રાજકોટ
૨૦૦/- શ્રી હિતેષભાઇ જેરામભાઇ વાયા-લાલપુર
૧૫૦/- શ્રી પ્રતાપરાય કેશવલાલ પટ્ટણી (ઘઘડા) રાજકોટ
૧૦૦/- શ્રી ભીખાભાઇ લખુભાઇ ધોરડા-કુંકાવાવ
૧૦૦/- શ્રી પરસોત્તમભાઇ વિસામણભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જમનભાઇ વિસામણભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી જેન્તીભાઇ પોપટભાઇ સતિકુંવર-રાજકોટ
૧૦૦/- શ્રી ભીખુભાઇ ગોવિંદભાઇ પટ્ટ-રાજકોટ
૧૦૦/- શ્રી મનસુખભાઇ મોરારજીભાઇ પટ્ટ-વેરાવળ
૧૦૦/- શ્રી વિજયભાઇ રામજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી હસમુખભાઇ કેશવલાલ સલ્લા-સરસીયા
૧૦૦/- શ્રી મોહનીશભાઇ સતિષભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી નાનાલાલ લક્ષ્મણભાઇ ચલ્લા-ખડખડ
૧૦૦/- શ્રી મોહનલાલ હરિભાઇ ધકાણ-કાલસારી
૧૦૦/- શ્રી પરેશભાઇ માવજીભાઇ પટ્ટ-વેરાવળ
૧૦૦/- શ્રી હસમુખભાઇ બાબુભાઇ ધકાણ-સુરત
૧૦૦/- શ્રી મોહિતભાઇ મહેન્દ્રભાઇ બસીયા-રાજકોટ
૧૦૦/- શ્રી ચંદ્રકાંત મનસુખલાલ ઘઘડા-કુતિયાણા
૧૦૦/- શ્રી ભરતભાઇ દામોદરભાઇ ધોરડા-રાજકોટ

૧૦૦/- શ્રી પ્રતાપરાય દામોદરભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી ધનસુખભાઇ દામોદરભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી ભનુભાઇ કાનજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી પંકજભાઇ દાનાભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી મિલનભાઇ ઝાટકીયા-રાજકોટ
૧૦૦/- શ્રી જમનભાઇ મુળજીભાઇ વાયા-બાંકોડી
૧૦૦/- શ્રી જેન્તીલાલ મણીલાલ ધકાણ-રાજકોટ
૧૦૦/- શ્રી હરિ વિસામણભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી હરેશભાઇ વૃંદાવનભાઇ જગડા-રાજકોટ
૧૦૦/- શ્રી રશ્મિનભાઇ ખાખી-રાજકોટ
૧૦૦/- શ્રી વિનોદભાઇ મનસુખલાલ લુહાર-કુંકાવાવ
૧૦૦/- શ્રી મનુભાઇ વિસામણભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી સુરેશભાઇ શામજીભાઇ ધકાણ-ગઢડા
૧૦૦/- શ્રી હર્ષદભાઇ દામોદરભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જમનભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી મનસુખભાઇ દેવરાજભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દિલીપભાઇ દેવરાજભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દિલીપભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી પિયુષભાઇ કાન્તીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી ધીરજભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી હિંમતભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી રમેશભાઇ દાનાભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી કાન્તીભાઇ ચીમનભાઇ ધકાણ-રાજકોટ
૧૦૦/- શ્રી રતિલાલ રામજીભાઇ ધોરડા-કુંદણી
૧૦૦/- શ્રી મોહનલાલ રામજીભાઇ ધોરડા-કુંદણી
૧૦૦/- શ્રી નરોત્તમભાઇ રામજીભાઇ ધોરડા-કુંદણી
૧૦૦/- શ્રી અમૃતલાલ રામજીભાઇ ધોરડા-કુંદણી
૧૦૦/- શ્રી જેન્તીભાઇ રામજીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી ભનુભાઇ રામજીભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી ભરતભાઇ ધીરૂભાઇ સાગર-જેસર
૧૦૦/- શ્રી જગજીવનભાઇ નાનજીભાઇ ધાણક-મોટી ખીલોરી
૧૦૦/- શ્રી કિશોરભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૫૦/- શ્રી રતીભાઇ પરસોત્તમભાઇ ઘઘડા-કુતિયાણા
૫૦/- શ્રી ભરતભાઇ માધુભાઇ ધોરડા-રાજકોટ

૧3000/-



બગસરા નિવાસી જમનભાઇ ટપુભાઇ ધોરડા (ઉ.વ. ૭૧) તે દિપેશભાઇ પિયુષભાઇ તથા વંદનાબેનના પિતાશ્રી તથા રીવા, સારાંશના દાદા તથા ઉષાબેનના પતી શ્રાવણ સુદ-૧૨ને મંગળવાર તા. ૨૫-૦૮-૨૦૨૬ના રોજ સાકેતવાસ થતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૦૫-૦૯-૨૦૨૨૬ને શનિવારના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મળેલ ભેટ.

૨૧૦૦/- શ્રી દિપેશભાઇ જમનભાઇ ધોરડા-બગસરા
૨૧૦૦/- દોહિતરની રકમ મેડીકલ સહાય ફંડમાં દાન વંદનાબેન સંદિપભાઇ મહેન્દ્રભાઇ ધકાણ-ધારી
૨૫૦૦/- શ્રી દિપેશભાઇ જમનભાઇ ધોરડા-બગસરા
૨૦૦/- શ્રી વિઠ્ઠલભાઇ મામૈયાભાઇ ધકાણ-ચારણીયા
૧૦૧/- શ્રી ભરતભાઇ દિનકરભાઇ ધકાણ-જામકા
૧૦૧/- શ્રી દિવ્યેશભાઇ કેશવલાલ ચોક્સી-મુંબઇ
૧૦૧/- શ્રી પ્રકાશભાઇ શાંતિભાઇ સુરૂ-મુંબઇ
૧૦૧/- શ્રી પ્રવિણાબેન અમૃતલાલ કરચલીયા-જેતપુર
૧૦૦/- શ્રી દલસુખભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જયસુખભાઇ નરોત્તમભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દેવેન્દ્રભાઇ ચીમનભાઇ થડેશ્વર-બગસરા
૧૦૦/- શ્રી સુભાષભાઇ બાબુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી સુરેશભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી કમલેશભાઇ નટવરભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી બાબુભાઇ હરિભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી નરોત્તમભાઇ જીવરાજભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી નિતિનભાઇ જીવરાજભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી મહેન્દ્રભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી કાંતિભાઇ વિઠ્ઠલભાઇ જીણાદ્રા-સનાળીયા
૧૦૦/- શ્રી બાબુભાઇ વિઠ્ઠલભાઇ જીણાદ્રા-સનાળીયા

૧૦૦/- શ્રી વ્રજલાલભાઇ મેરામભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી દિલીપભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી અશોકભાઇ હિંમતભાઇ ધકાણ-મેંદરડા
૧૦૦/- શ્રી કનુભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી ભરતભાઇ મગનભાઇ ધાણક-જેતપુર
૧૦૦/- શ્રી પિયુષભાઇ કાંતિભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી મુકેશભાઇ પરશોત્તમભાઇ ધકાણ-કેરાળા
૧૦૦/- શ્રી શાંતિભાઇ લખુભાઇ થડેશ્વર-બગસરા
૧૦૦/- શ્રી વ્રજલાલભાઇ મણીલાલ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી મનસુખભાઇ દેવરાજભાઇ ધોરડા-રાજકોટ
૧૦૦/- શ્રી મુકુંદભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી કાંતિભાઇ અરજણભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી સંજયભાઇ રમેશભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી મનહરભાઇ બાલુભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી પંકજભાઇ ભરતભાઇ ધકાણ-ભાવનગર
૧૦૦/- શ્રી મહેશભાઇ વિસામણભાઇ લુહાર-સાવરકુંડલા
૨૦૧/- શ્રી બોઘાભાઇ આણંદજીભાઇ ચલ્લા-બગસરા
૧૦૦/- શ્રી પ્રફુલભાઇ કેશુભાઇ ચલ્લા-બગસરા
૧૦૦/- શ્રી કાંતિભાઇ સામતભાઇ ધકાણ–બગસરા
૧૦૦/- શ્રી કિશોરભાઇ વલ્લભભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી મનહરભાઇ મોહનભાઇ થડેશ્વર-તળાજા
૧૦૦/- શ્રી ધનસુખભાઇ દામોદરભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી દિલીપભાઇ દેવરાજભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી ચુનીભાઇ ભીમજીભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી હિંમતભાઇ મણીભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી જેન્તીભાઇ રામભાઇ ધોરડા-બગસરા
૧૦૦/- શ્રી અનકભાઇ વ્રજલાલભાઇ ધકાણ-બગસરા
૧૦૦/- શ્રી ધર્મેશભાઇ પ્રભુદાસભાઇ ધકાણ-બગસરા
૨૦/- શ્રી કાળુભાઇ કાથડભાઇ ચલ્લા-સાવરકુંડલા
૮૯૨૫/- ઉપરોક્ત રકમમાંથી અર્ધા ભાગે રાજકોટ બોર્ડિંગ તથા અર્ધા ભાગે બગસરા પરજીયા સોની યુવા ગ્રુપને ભેટ અર્પણ કરેલ છે.
હ. શ્રી દિપેશભાઇ જમનભાઇ ધોરડા



ધારી નિવાસી કિશોરભાઇ (કાળુભાઇ) દુર્લભજીભાઇ ધકાણ તા. 30-09-૨૦૨૬ને બુધવારના રોજ શ્રીજીચરણ પામતા તેઓની ધાર્મિક ઉત્તરક્રિયા તા. ૧૧-૧૦-૨૦૨૬ને રવિવારના રોજ રાખેલ તે નિમીતે તેઓના સ્મરણાર્થે ઘરધણી તથા ઉપસ્થિત મહેમાનો તરફથી મેડિકલ સહાય ફંડમાં દાન. (હ. શ્રી હરિભાઇ લક્ષ્મીદાસભાઇ ઘઘડા (આરંભડા), કા.સભ્યશ્રી, રાજકોટ મહામંડળ)

૧૫૦૧/- સ્વ. કિશોરભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી મહેન્દ્રભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી અનુભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી કનુભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી અશોકભાઇ દુર્લભજીભાઇ ધકાણ-ધારી
૨૦૦/- શ્રી મહેન્દ્રભાઇ માધવજીભાઇ થડેશ્વર-અમદાવાદ
૨૦૦/- શ્રી મનિષભાઇ વૃજલાલ ધકાણ-બગસરા
૧૫૧/- શ્રી પ્રેમજીભાઇ ગોરધનભાઇ સાગર-વેરાવળ
૧૫૧/- શ્રી વિશાલકુમાર પ્રવિણભાઇ પટ્ટ-આજોઠા
૧૦૦/- શ્રી હસમુખરાય બાબુલાલ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી પ્રવિણચંદ્ર બાબુલાલ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી ઉમેશકુમાર બાબુલાલ ધકાણ-સુરત
૧૦૦/- શ્રી નટવરલાલ જગજીવનભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી રમેશભાઇ જગજીવનભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી વિનુભાઇ જગજીવનભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી કિરીટભાઇ જગજીવનભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી હરેશભાઇ ભાઇલાલભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી ખુશાલભાઇ ભગવાનભાઇ ધકાણ-ધારી
૧૦૦/- શ્રી હરીભાઇ લક્ષ્મીદાસભાઇ ઘઘડા-મીઠાપુર
૧૦૦/- શ્રી ગોવિંદભાઇ દેવદાનભાઇ ધકાણ-અમદાવાદ
૧૦૦/- શ્રી બકાભાઇ બાબુભાઇ થડેશ્વર-સુરત

૧૦૦/-	શ્રી નીતિનભાઇ પરસોત્તમભાઇ ધોરડા-મુંબઇ
૧૦૦/-	શ્રી અનુભાઇ લખુભાઇ પટ્ટણી-જુનાગઢ
૧૦૦/-	શ્રી ચંદુભાઇ મોહનભાઇ ધકાણ-ધારી
૧૦૦/-	શ્રી નરેશભાઇ મનુભાઇ ધકાણ-ગોવિંદપુર
૧૦૦/-	શ્રી જયદિપભાઇ પ્રકાશભાઇ ધકાણ-નાગધ્રા
૧૦૦/-	શ્રી ભગુભાઇ લખુભાઇ પટ્ટણી-ધારી
૧૦૦/-	શ્રી શાંતિભાઇ વજુભાઇ ધકાણ-સાણથલી
૧૦૦/-	શ્રી દિપકભાઇ બચુભાઇ સતિકુંવર
૧૦૦/-	શ્રી ભરતભાઇ વલ્લભભાઇ ધકાણ
૧૦૦/-	શ્રી કિશનકુમાર યોગેશભાઇ વાયા-અમેરીકા
૧૦૦/-	શ્રી હિરેનભાઇ જયંતભાઇ પટ્ટણી-ધારી
૧૦૦/-	શ્રી વિજયભાઇ ઘનશ્યામભાઇ ધોરડા-દેવળા
૧૦૦/-	શ્રી જસ્મીનભાઇ જીતુભાઇ પટ્ટણી-ધારી
૧૦૦/-	શ્રી ખુશાલભાઇ હરિભાઇ સાગર-દુબઇ
૧૦૦/-	શ્રી દીપકભાઇ હરિભાઇ સાગર-ધારી
૧૦૦/-	સ્વ. રાજુભાઇ તુલસીભાઇ-સુલતાનપુર
૧૦૦/-	શ્રી દેવેન્દ્રભાઇ ચીમનભાઇ થડેશ્વર-બગસરા
૧૦૦/-	શ્રી કિશોરભાઇ વિસામણભાઇ ધકાણ-ભાડેર
૧૦૦/-	શ્રી હરેશકુમાર મુળજીભાઇ સાગર-રાજકોટ
૧૦૦/-	શ્રી હિતેષભાઇ તુલસીભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૦/-	શ્રી પ્રવિણભાઇ નાનજીભાઇ થડેશ્વર-સુલતાનપુર
૧૦૦/-	શ્રી નટુભાઇ હિંમતભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૦/-	શ્રી રમેશભાઇ હિંમતભાઇ થડેશ્વર-રાજકોટ
૧૦૦/-	શ્રી દિલીપભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/-	શ્રી જમનભાઇ ટપુભાઇ ધોરડા-બગસરા
૧૦૦/-	શ્રી અનિલભાઇ બાબુભાઇ સતિકુંવર-મહુવા
૫૦/-	વધારો
૬૩૩૨/-	

''ન તેને છેદતા શસ્ત્રો, ન તેને અગ્નિ બાળતો
ન તેને ભીંજવે પાણી, ન તેને વાયુ સૂકવે''

અવસાન નોંધ

લંડન (યુ.કે.) નિવાસી સુસ્મિતાબેન સુભાષભાઇ ઘઘડા (ઉ.વ. ૭૮) તા. ૨૩-૦૯-૨૦૨૬ને બુધવારના રોજ લંડન (યુ.કે.) મુકામે શ્રીજીચરણ પામેલ છે.

ધારી નિવાસી કિશોરભાઇ (કાળુભાઇ) દુર્લભજીભાઇ ધકાણ તા. ૩૦-૦૯-૨૦૨૬ને બુધવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

બગસરાવાળા હાલ રાજકોટ નિવાસી રમેશભાઇ વલ્લભભાઇ ધોરડાના ધર્મપત્ની પ્રવિણાબેન (ઉ.વ. ૬૪) તા. ૨૪-૦૯-૨૦૨૬ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

ડુંગરવાળા હાલ ઊના નિવાસી શાનુભાઇ ત્રિભોવનભાઇ ધકાણ (ઉ.વ. ૮૦) તા. ૦૧-૦૯-૨૦૨૬ને મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે.

બગસરા નિવાસી સ્વ. જમનભાઇ ટપુભાઇ ધોરડા (ઉ.વ. ૭૧) શ્રાવણ સુદ-૧૨ને મંગળવાર તા. ૨૫-૦૮-૨૦૨૬ના રોજ સાકેતવાસ થયેલ છે.

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતશ્રીઓના આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ અભ્યર્થના...



મેડિકલ સહાય ફંડમાં રૂા. ૧૧,૧૦૧/-નું દાન

નાની વાવડીવાળા હાલ દુબઇ નિવાસી સ્વ. વિજ્યાબેન વિઠ્ઠલદાસ ઘઘડાને ભાદરવા વદ-૧૦ને સોમવાર તા. ૦૫-૧૦-૨૦૨૬ના રોજ શ્રાદ્ધમાં ભેળવતા તે નિમીતે તેઓના સ્મરણાર્થે મેડીકલ સહાય ફંડમાં દાન.

હ. શ્રી અશ્વિનભાઇ વિઠ્ઠલદાસ ઘઘડા




ડુંગરવાળા હાલ ઊના નિવાસી
સ્વ. શાનુભાઇ ત્રિભોવનભાઇ ધકાણના સ્મરણાર્થે

રૂા. ૧૧૧૧૧/- (અંકે રૂપિયા અગીયાર હજાર એકસો અગીયાર) ભેટ

હ. શ્રી અનિલભાઇ શાનુભાઇ ધકાણ, શ્રી કમલેશભાઇ શાનુભાઇ ધકાણ,
શ્રી સંકેતભાઇ અનિલભાઇ ધકાણ

શ્રદ્ધાંજલિ



પરમ ભગવદીય ગો.વા. સોની

ચીમનભાઈ લાલજીભાઈ લોઢિયા

ગો.વા. તા. ૧૭-૧૦-૨૦૨૬, શનિવાર

ગુજરાત અને સૌરાષ્ટ્રભરમાં સોની સમાજમાં અદકેરૂં સ્થાન ધરાવનાર જ્ઞાતિરત્ન, સમાજના ભામાશા એવા સ્વ. ચીમનભાઇ લાલજીભાઇ લોઢીયાના દુઃખદ અવસાનથી સમસ્ત સોની સમાજે નીડર, સ્પષ્ટવક્તા અને સોની સમાજનો સ્તંભ ગુમાવ્યો છે.

તેઓ જીવનપર્યંત સમાજસેવા સાથે નાનામાં નાના માણસની લાગણીની ખેવના કરી પોતાનાથી બનતું બધુ જ કરી છુટવાનો સ્વભાવ ધરાવતા હતા. તેઓ એટલા જ આપણા સમાજ સાથે પણ સંકળાયેલા હતા અને શ્રી મોહનભાઇ હોલના આધુનિકરણમાં આવેલ દરેક અડચણમાં તેઓ અડગ બની સાથે ઊભા રહ્યાં હતાં.

આ તકે રાજકોટ મહામંડળના દરેક પદાધીકારીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સલાહકાર સભ્યશ્રીઓ, યુવા ગ્રુપના સભ્યશ્રીઓ તેઓને ભાવભરી શ્રદ્ધાંજલી અર્પણ કરે છે. અને આ આઘાત સહન કરવાની તેઓના કુટુંબીજનોને શક્તિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના. ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

-શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ, રાજકોટ.

શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ

તા. ૦૪-૧૦-૨૦૨૬ : કારોબારી સભ્યશ્રીઓની મિટીંગ : સર્વાનુમત્તે નવા પ્રમુખની નિયુક્તિ





નવનિયુક્ત પ્રમુખશ્રી સુનિલભાઇ ધાનકનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતાં શ્રી ભુપતભાઇ ધોરડા તથા શ્રી ભરતભાઇ ચૌહાણ



નવનિયુક્ત પરજીયા સમાચારના તંત્રીશ્રી જયંતિભાઇ ધકાણનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતાં શ્રી ભરતભાઇ ચૌહાણ

રાજકોટ બોર્ડિંગમાં વિજ્યાદશમીના પાવન અવસરે હોમ હવન





રાજકોટ નિવાસી શ્રી શ્યામભાઇ સતિશભાઇ ઘઘડા તથા શ્રીમતિ બંસીબેન શ્યામભાઇ ઘઘડા રાજકોટ બોર્ડિંગમાં દશેરાના હવનમાં સાતક બેસેલ.

સાથે રાજકોટ બોર્ડિંગના કારોબારી સભ્યશ્રીઓ તથા યુવાગ્રુપના સભ્યશ્રીઓ યજ્ઞ પૂજન-અર્ચનમાં ઉપસ્થિત રહેલ.



શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ પ્રેરિત

મહિલા મંડળ-રાજકોટ દ્વારા ફક્ત મહિલાઓ માટે વિનામૂલ્યે

અર્વાચીન રાસોત્સવ-૨૦૨૬



૫-દિવસીય નવરાત્રીના રાસ-ગરબા : તસ્વિરી અહેવાલ













Parajiya Samachar **Regi. No. RJT/16** **Date : 15-10-2026**
Regi No. A.379 Rajkot R.N.I. REGN No. 11044/ Title Code:GUJGUJ05045/1967
PARAJIYA SAMACHAR (MONTHLY) • POST BY : **RMS-RAJKOT**



શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ

જલારામ મંદિર રોડ, ફુલછાબ ચોક, રાજકોટ. ફોન : ૮૯૮૦૧૨૨૭૨૨, ૮૯૮૦૧૨૨૩૨૨



મુખ્ય દાતાશ્રીઓ

શ્રી જીવાભાઈ આણંદજીભાઈ સાગર, હ: શ્રી નાથાભાઈ સાગર (કુવૈત)
વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ)

શ્રી દેવજીભાઈ રામજીભાઈ સાગર તથા શ્રીમતી ચંપાબેન દેવજીભાઈ સાગર (બહેરીન)
આર્થિક સહાય અનામત સેવા ફંડ

શ્રી પોપટલાલ સવજીભાઈ રાણા તથા શ્રીમતી સંતોકબેન પોપટલાલ રાણા (ધોરડા) (નાઈરોબી)
ઉચ્ચતર કેળવણી ફંડ

શ્રી રતીલાલ કરશનદાસ ધકાણ તથા શ્રી જયાબેન રતીલાલ ધકાણ (સરસઈવાળા-દુબઈ)
વિદ્યાર્થી ઉત્કર્ષ અને કાયમી નિભાવ કોપર્સ ફંડ

શ્રીમતી શારદાબેન રમણીકલાલ ધકાણ અને શ્રી રમણીકલાલ કાનજીભાઈ ધકાણ (અમદાવાદ) હ. આર. કે. પરિવાર
કન્યા કેળવણી અનામત ફંડ

શ્રી જમનાદાસ હરીલાલ કાગદડા તથા શ્રી કાંતાબેન જમનાદાસ કાગદડા
મેડીકલ સહાય કોપર્સ ફંડ-રાજકોટ

શ્રી હરીલાલ દાનાભાઈ સાગર તથા શ્રી દિવાળીબેન હરીલાલ સાગર
પુસ્તક સહાય કોપર્સ ફંડ બુક બેન્ક-રાજકોટ

શ્રી પ્રભુદાસભાઈ નાજાભાઈ સાગર તથા શ્રીમતી લીલાબેન પ્રભુદાસ સાગર-બહેરીન
કન્યા છાત્રાલય કેળવણી સહાય

શ્રી જેઠાલાલ હરીભાઈ જગડા તથા શ્રી લીલાવંતીબેન જેઠાલાલ જગડા-રાજકોટ
જીવન સંધ્યા સંજીવની કોપર્સ ફંડ

શ્રી મોહનલાલ નાનજીભાઈ પટ્ટણી તથા શ્રીમતી લાભકુંવરબેન મોહનલાલ પટ્ટણી
તેજસ્વી વિદ્યાર્થી સહાયક ફંડ-રાજકોટ હુન્નરશાળા, પ્રાર્થના મંદિર હોલ, પરજીયા સમાચાર અને મોહનભાઈ હોલ

To.

From : **Parajiya Samachar**
(Regd. No. GRJ-16)

Shri Samast Parajiya Pattni Soni Gnati Mahamandal
Jalaram Mandir Road, Phulchhab Chowk, Rajkot.
Phone : 8980122722 / 890122322

માલિક : **સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ** માનદ્ તંત્રી, પ્રકાશક : **સુનીલભાઈ આર. ધાણક**
ટાઈપ સેટીંગ, ટાઈટલ ડિઝાઈન, મુદ્રણ સ્થાન : **સ્કેલ કોમ્પ્યુગ્રાફી, ઢેબર રોડ, રાજકોટ.** મો.નં. ૯૮૨૫૪ ૯૪૩૭૧